જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



**C.D.O. PRAKASH SAMIKSHA**

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૩૦ • તા. ૨૧ જુલાઈ થી ૨૭ જુલાઈ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ Regn. No. MH/MR/East/53/2012-14

## શ્રી સમસ્ત જ્ઞાતિ મહાજનના ઉપક્રમે તા. ૧૫-૭-૨૦૧૨ના મુંબઈમાં યોજાયેલ કાર્યક્રમની ઝલક

























# હાર્દિક અભિનંદન



**સૌ. શિલ્પા કૌશિક શાહ (હેફા)**
(બેંગલોર - સુથરી)

*શુભાશિષ :*
અ.સૌ. જ્યોતિ વસંત પદમશી શાહ (થાણા-સુથરી)
અ.સૌ. સંગીતા પરેશ શાહ (થાણા-સુથરી)
શ્રી રમેશ પદમશી શાહ (મલકાપુર-સુથરી)
અ.સૌ. કલાવતી દામજી મોમાયા (વરાડિયા)
અ.સૌ. પુષ્પા વિજયસિંહ સોલંકી (થાણા-ગ્વાલિયર)
કુ. મિનલ, કુ. વિધિ

અમારી પુત્રવધુ સૌ. શિલ્પા, VENETIAN Resorts & Hotels, Macau તથા MARINA BAY SAND'S, Hotels & Resorts - Singapore માં Marketing Manager પદે યશસ્વી કામગીરી કર્યા બાદ હાલમાં તેઓ Moevnpick Hotels & Resorts (100 Plus Hotels Across 27 Countries Head Quarter Zurich-Switzerland) માં Associate Director of Sales (Global Sales) ના પદ પર નિયુક્ત થયા છે. તે બદલ હાર્દિક અભિનંદન અને વધુ યશસ્વી કારકિર્દીની શુભેચ્છા.

## પાસ થયાના હાર્દિક અભિનંદન



**શ્રી રવિ મુકેશ મોમાયા**
(વરાડીયા - લોનાવલા)
**M.B.A. ફર્સ્ટક્લાસ પાસ**

હાર્દિક અભિનંદન અને
ઉત્તરોત્તર વધુ સફળતાની શુભેચ્છાઓ ...

દાદી-દાદા : સ્વ. હીરબાઈ જીવરાજ મોમાયા
મમ્મી-પપ્પા : ગં. સ્વ. નિર્મળા મુકેશ મોમાયા
ભાઈ : સ્વ. જીગર
મોટા મમ્મી : ગં.સ્વ. ખમ્માબેન ફતેહચંદ મોમાયા (લોનાવલા)
ફોઈ-ફુઆ : સૌ. દીપા પ્રવીણચંદ્ર ગાલા (વિરાર)
નાના-નાની : સૌ. બાચાંબાઈ શામજી મોતા પરિવાર (લોનાવલા)
બહેન-બનેવી : અ.સૌ. મનિષા શૈલેષ લોડાયા
અ.સૌ. સ્વાતિ ભાવેશ લોડાયા

## હાર્દિક અભિનંદન



**શ્રી પાર્થ અનિલ શાહ**
(Hiphopper ડાન્સર)

આપશ્રી એલ.એલ.બી. નાં બીજા વર્ષમાં ૬૦.૩૩% સાથે કચ્છ યુનિવર્સિટીમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી પરિવારનું ગૌરવ વધારેલ છે તે બદલ હાર્દિક અભિનંદન. શૈક્ષણિક ક્ષેત્રે સફળતાના ઉચ્ચતમ શિખરો સર કરી ઝળહળતી કારકિર્દી બનાવો તેવા અંતરના આશિષ સહ શુભકામનાઓ.

★ માતુશ્રી મણીબાઈ વીરચંદ સાંયા (સુખપુર) ભુજ (દાદી-દાદા)
★ માતુશ્રી હિરાવંતી શાંતીલાલ દંડ (દેરા) ગાંધીધામ (નાની-નાના)
★ જ્યોતિ અનિલ શાહ (માતા-પિતા) જ્યોતિ એસ્ટેટ એજન્સી
★ ૯. રાજુભાઈ શાહ (અભિસારીકા / ફેમીના પરિવાર)
★ રૂપા કેયુર લોડાયા (વડોદરા) (બેન-બનેવી)

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડો. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**C/o. Shri. R. R. Nagda, 29/41, Tamarind Lane, Behind Poornima Restaurant, Rajabahadur Comp, Nr.Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**

**www.prakashsamiksha.com**

**E-mail:kdo_prakash@yahoo.co.in**

**નોંધ:** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## જ્ઞાતિપ્રવાહમાં સકારાત્મક આંદોલનો સર્જે છે "સમસ્ત મહાજન"

ગત રવિવારે (૧૫ જુલાઈ) મુંબઈમાં શ્રી સમસ્ત મહાજનની ટ્રસ્ટબોર્ડની અને મહાસમિતિની સભાઓમાં થયેલ ચર્ચા વિચારણા અને તે પછી યોજાયેલ જનજાગરણની બેઠકમાં સુરેખ કાર્યવાહી સંપન્ન થઈ તે જ્ઞાતિમાં આ તબક્કે જરૂરી એવી આશાસ્પદ સકારાત્મકતાનું વાતાવરણ ઉભું કરવા કારણરૂપ બનશે તેવી અપેક્ષાઓ જાગી છે.

આની પૂર્વભૂમિકામાં સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતાએ છેલ્લાં સાતેક મહિનાઓમાં સમસ્ત મહાજનશ્રીના ટ્રસ્ટબોર્ડે આપેલ દિશા-દોરવણીને કાર્યાન્વિત કરવા આયોજનબધ્ધ સમયપત્રક ઘડીને ટીમ સાથે દૃઢ નિર્ધાર અને સંપૂર્ણ નિષ્ઠાથી જ્ઞાતિ વસવાટના વિવિધ વિસ્તારોમાં એક પછી એક આવી જનસંપર્ક અભિયાનની બેઠકો/સભાઓ યોજી તે છે, જે વરાડીયા ગામે જિનાલય ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે પ્રારંભિત થઈ અને તે પછી ગાંધીધામ, આદિપુર, પારોલા, ચોટીલા, વડોદરા, ઈંદોર, નાગપુર, રાયપુર, કલકત્તા, જામનગર, અમદાવાદ, કોચીન, ચેન્નઈ, કોઇમ્બતુર, બેંગલોર, હૈદ્રાબાદ અને ગદગ મધ્યે યોજાઈ જેમાં તે દરેક શહેરના અને આસપાસના વિસ્તારોના જ્ઞાતિજનો પણ વિશેષ સંખ્યામાં ઉપસ્થિત રહે તે માટે આયોજકો સાથે સતત કાળજીપૂર્વક આગ્રહ કરવામાં સમસ્ત મહાજને કોઈ કસર ન રાખી તેને પરિણામે આવી અનૌપચારિક સભાઓમાં જ્ઞાતિજનોએ મુક્ત મને મોકળાશથી જ્ઞાતિજનોએ પોતાના વિચારો-મંતવ્યો વ્યક્ત કર્યા. આવી સભાઓના અનુભવે આ રીતે મુંબઈમાં પણ ઉક્ત સભા (મુંબઈમાં પહેલી) યોજવાની પાયારૂપ ભૂમિકા રચાઈ અને નજીકના ભાવિમાં મુંબઈમાં પરાંઓમાં પણ આવી સભાઓ યોજાશે જે અનમોદનીય છે.

સમસ્ત મહાજનના અન્ય ટ્રસ્ટીઓ અને મહાસમિતિના સભ્યોને, ઉક્ત વિવિધ જનસંપર્કની પંદરેક સભાઓમાં જ્ઞાતિજનોએ ઉલટભેર હાજરી આપી હતી અને તેમની પણ જ્ઞાતિપ્રશ્નો (મુંબઈ સંબંધિત સુધ્ધાં) વિષેની જાગરૂકતા અને તેઓ પોતે પણ તે પ્રશ્નોના નિવારણ અને નિરાકરણ માટે જ્યાં અને જેવો (આર્થિક પણ) જરૂરી હોય તે યોગદાન આપવાની તેમની તત્પરતા પ્રદર્શિત થવાના નિર્દેશો મળેલ તેથી આ સર્વ ટ્રસ્ટીઓ/સભ્યોએ મુંબઈથી આ સભાની શરૂઆતમાં કેટલીક ચડભડ કે ચકમક પછી, એકંદરે સંયમિત અને પરિપક્વ અભિગમ દાખવ્યો તેને લીધે મુંબઈની આ ત્રણે સભાઓની કાર્યવાહી સુરેખ બની તેનો ઉલ્લેખ થવો પણ જરૂરી છે.

આમાં પણ તે દિવસે સૌથી મહત્વની સકારાત્મક બાબત એ હતી કે મુંબઈ મહાજનશ્રીના અધિકારીઓએ, ખાસ કરીને માનદમંત્રી શ્રી ચેતનભાઈ મોતાએ, સમસ્ત મહાજન જેવી કેન્દ્રીય સંસ્થાની જરૂરિયાત અંગે ભારપૂર્વક રજુઆત કરવાની સાથે, સમસ્ત મહાજનને વડીલ (તેમના શબ્દોમાં "માઈ-બાપ") બનીને કોઈ સંસ્થા કે મહાજનની કોઈક રીતે ભૂલ થતી હોય તો તે પરત્વે તેના અધિકારીઓનું ધ્યાન દોરતાં કે માર્ગદર્શન આપતાં અચકાવું ન જોઈએ. તેવો વિચાર રજુ કરીને તેમણે સમસ્ત મહાજનશ્રીની ઉપયોગિતાનો આદરપૂર્વક સ્વીકાર કર્યો તે વિનયશીલ અભિગમ પણ આવનારા દિવસોમાં જ્ઞાતિમાં સકારાત્મકતાનું વાતાવરણ સર્જી શકશે તેવો આશાવાદ જરૂરથી સેવી શકાય.

બીજી બાજુ, સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓએ પણ, સંસ્થાને જ્ઞાતિની સર્વોપરિ મહાજનની કક્ષારૂપ ઉંચો આંક આપવાને બદલે, તેનું કાર્યક્ષેત્ર વિશેષતઃ સંકલન અને સમન્વયલક્ષી છે અને સાથે સાથે તેણે જ્ઞાતિજનો અને મહાજનો વચ્ચે જે સેતુરૂપ ભૂમિકા પણ અદા કરવાની છે તેને અનુરૂપ તેમણે ઉક્ત પહેલાંની જનસંપર્કની સભાઓમાં જ્ઞાતિજનોએ જ્ઞાતિ પ્રવૃતિઓ વિષે જે ચિંતા-ખેવના-અપેક્ષા દર્શાવ્યા હતા તે દરેક મુદ્દે સંબંધિત ટ્રસ્ટો/મહાજનો/સંસ્થાઓને પત્રો દ્વારા જાણકારી/માહિતી આપવા કાર્યવાહી કરી છે તેનો પણ આ તબક્કે ઉલ્લેખ કરીએ. આમ, સમસ્ત મહાજને જે પત્રો લખ્યા છે તેમાં મુખ્યત્વે શ્રી અનંતનાથજી ટ્રસ્ટને ("અનંતછાયા"ની બાબત પણ ટ્રસ્ટની સ્કીમમાં નિર્દેશિત

નિયમો મુજબ જ તે પ્રોપર્ટી બાબત કાર્યવાહી થવી જોઈએ), મુંબઈ મહાજનશ્રીને (મુંબઈમાં અતિથિગૃહનું નિર્માણ સત્વરે થવું જોઈએ), Hope-1000ને (પ્લોટ હોલ્ડરોને પ્લોટ ક્યારે મળશે અને તે જમીન પર બીજું શું ડેવલમપેન્ટ કરાશે), દક્ષિણ ભારત એકમને (કલ્પવૃક્ષ યોજનામાં રોકાણકારોની અપેક્ષા સંદર્ભે ઉચિત કાર્યવાહી કરવા અંગે, કચ્છ એકમ અને તે યોજનાના સંચાલકોને હીરામણી એગ્રોની વૃક્ષ યોજનામાં રોકાણકારોને વળતર આપવા અંગે, શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહને (વિદ્યાર્થીગૃહના નૂતન નિર્માણ, ભાવિ યોજના અને છાત્રોની ભોજનવ્યવસ્થા વિષે ઘટતું કરવા) અને વસતીપત્રક સમિતિને વસ્તીપત્રક ક્યારે ને ક્યા સ્વરૂપે પ્રગટ થશે તેની જ્ઞાતિને માહિતી આપવા) ધ્યાન દોરવામાં આવ્યું છે. આ પત્રોમાં એ સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે તેનો ઉદ્દેશ ફક્ત સંદેશલક્ષી જ છે, તેથી વિશેષ નહીં. આ રીતે સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓએ જ્ઞાતિજનો માટે સેતુરૂપ ફરજ બજાવી છે તે પણ યથોચિત છે.

થોડા સમય પહેલાં જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ, મહાજનો અને ટ્રસ્ટોના અધિકારીઓને એક મંચ પર એકત્રિત કરી તેમની વચ્ચે પોતપોતાની સંસ્થાના ઉદ્દેશો, પ્રવૃત્તિઓ, આર્થિક સાધનો અને આવશ્યકતાઓ વિષયક આદાનપ્રદાન થાય તે માટે સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડે એક સેમિનાર યોજવા નિર્ણય લીધેલ પરંતુ ત્યારબાદ પુનર્વિચારણા કરતાં તેમણે એવું નક્કી કર્યું કે પહેલાં આ પ્રકારની જનસંપર્કની સભાઓ જ્ઞાતિજનોના જુદા જુદા વસવાટ કેન્દ્રોમાં યોજી દરેક એકમના કાર્યક્ષેત્રને આવરી લેવા. તે પછી જ એવું સેમિનાર ગોઠવવું. એટલે હવે મુંબઈના કેટલાક વિસ્તારો અને મહારાષ્ટ્રના કેટલાક શહેરોમાં જનજાગરણની સભાઓ યોજાવાની બાકી છે તે થયા પછી ઉક્ત સેમિનાર આયોજન ગોઠવાય તેવી અપેક્ષા રાખી શકાય.

આમ, સમસ્ત મહાજને ભલે હરણફાળ ભરી છે પરંતુ તેને કારણે જ્ઞાતિમાં ક્રમશઃ પરસ્પર સંવાદ દ્વારા જ્ઞાતિપ્રશ્નોની વિચારણા અને સમસ્યાઓના નિરાકરણ માટે ટ્રસ્ટો અને મહાજનોના આર્થિક સ્ત્રોતો અને અન્ય સાધનોના વિનિયોગ અર્થે વિચારવિમર્શ કરવાની અને પરિણાત્મક કાર્યવાહી કરવાની ક્રિયાને ઉત્તેજન મળશે અને તે રીતે જ્ઞાતિમાં સર્વવ્યાપી ઐક્ય સાધવાની ભાવના ઉતરોત્તર બળવત્તર બનતી જશે તે માટે હવે જ્યારે સમસ્ત મહાજનની પ્રતિમા વિશ્વસનીય અને આદરપ્રેરક કક્ષાએ ઉભરી છે. તે જાળવવાની જવાબદારી જેટલી જ્ઞાતિના દરેકે દરેક મહાજન, ટ્રસ્ટ અને સંસ્થાની છે તેટલી જ બલ્કે તેથી સવિશેષ પ્રત્યેક જ્ઞાતિજનની પણ છે તે ન ભૂલીએ.

– *રા.*

## સાભાર સ્વીકાર

"માનવજ્યોત" પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બે સુંદર પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ છે. (૧) હૃદયવિકાર, કીડની, કેન્સર, બ્રેઇન ટ્યુમર જેવી ગંભીર બિમારીઓમાં સહાયરૂપ થતી વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ અને સદ્ગૃહસ્થોની સમસ્ત મુંબઈ અને થાણા જીલ્લા વિસ્તારની વિસ્તૃત માહિતી, ટેલીફોન નંબર સહિત, મૂલ્ય રૂા.૧૦/- અને (૨) શ્રી નમિનાથજી જૈન ફાઉન્ડેશન ટ્રસ્ટ, સી-૧, પ્રગતિ શોપીંગ સેન્ટર, મધુભાઈ રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ (જે એન્જીયોગ્રાફી, બાયપાસ, કેમોથેરેપી, મોતીયાના ઓપરેશન ઇત્યાદિમાં આર્થિક સહાયભૂત થાય છે) દ્વારા "હર્ષનો મહાસાગર" શીર્ષક ધરાવતી પુસ્તિકા જેમાં વિવિધ દાતા કુટુંબોની તસવીર સહિતની માહિતી તથા મુંબઈના સાધર્મિકભક્તિના કેન્દ્રોની વિસ્તૃત યાદી તથા સંસ્થા દ્વારા મુંબઈ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં વિવિધ અન્નદાન અને અન્ય સહાયતા કેન્દ્રોની યાદી પ્રગટ થઈ છે. બંને પુસ્તિકાઓ આકર્ષક કલરપેજ તથા આર્ટ પેપર પર નયનરમ્ય છપાઈકામથી વધારે સુશોભિત બની છે. સાભાર સ્વીકાર અને સંપાદન બદલ અભિનંદન..



## પાસ થયા અભિનંદન !


ભક્તિ ભુપેન્દ્ર પોલડીયા
(નાંદેડ)
S.Y.Dip.in Engg. 73.18%


ચિ. શક્તિ ભુપેન્દ્ર પોલડીયા
(નાંદેડ)
SSC - 89.08%


દેવાંગ અમીત ઘરમશી
(ઘાટકોપર)
B.Com. - 70%


ખ્યાતિ શૈલેષ ઘરમશી
(ઘાટકોપર)
SSC - 89.09%


ધ્વની જયેશ પટેલ
(મસ્જીદબંદર)
SSC - 88%


રવિ મુકેશ મોમાયા
(લોનાવલા)
MBA


દિવ્ય નવિન નાગડા
(વડોદરા)
B.Com.


રીયા રાજેશ મૈશેરી
(ડોંબિવલી)
SSC - 85.27%


પુજા હર્ષદ લાપસીયા
(નાંદેડ)
B.Tech CGA 8.29


અમીત જયેશ ઘરમશી
(વસઈ)
SSC - 56.73%


તેજસ્વીની રમેશ ઘરમશી
(ચાલીસગામ)
M.Com. - 79.4%


કિંજલ મેઘરાજ મૈશેરી
(ડોંબિવલી)
B.Com. (Fin. Mkt)


દેવાંગ કુમાર દંડ
(ભાંડુપ)
C.A.


મેહુલ હિમતલાલ માલદે
(ડોંબિવલી)
B.Com.


કુ. શ્વેતા કાંતિશ ઘુલ્લા
(ડોંબિવલી)
M.A. (Part - I)


જય સંજય ડાઘા
(ગોરેગામ)
ICSE (X) - 71%

**પાસ થયાના સમાચાર :** જ્ઞાતિ છાત્રોને વિનંતી છે કે છેલ્લી વાર્ષિક પરિક્ષાનાં પરિણામની નકલ અને ૬૦%થી વધુ ગુણાંક હોય તો ફોટા સાથે સમાચાર મોકલવા આમંત્રણ છે.

## "તેજ"ની અમૃતવાણી

જ્ઞાતિના ગૌરવરૂપ કવિ "તેજ"ના ૩૧ કાવ્ય સંગ્રહોમાં પ્રકાશનોમાં મીરાબાઈ, અખો, કબીર, રહીમન કે કચ્છનાં સંત મેકણદાદાએ રચેલા આધ્યાત્મિક દુહા જેવા મર્માળુ મોતી પ્રાપ્ત થાય છે. આ સાહિત્ય મહેરામણમાંથી ચુંટી કાઢેલા કેટલાક ચુનંદા મોતીઓને ભાવાર્થ સાથે રજુ કરવાનો એક નમ્ર પ્રયાસ શ્રી સોમ ઘરમશીની કલમે માણીશું. મોતીને સુર્ય સામે પકડીએ તો તેમાં અનેક રંગો ફેલાય છે તેમ આ "મરમના મોતી"માં પણ ભાવાર્થના અનેક રંગો છે અને દરેક જણ તેનો જુદો જુદો અર્થ કાઢે કે સાર ગ્રહે તે સ્વાભાવિક છે.

કવિ સંમેલન કે મુશાયરાઓના સંચાલકો અને વ્યાખ્યાનકારોએ આ મોતીઓને તેમની વાણીમાં વણી સુપેરે પ્રયોગ કરી પ્રસંગને બેનમુન બનાવ્યા છે. તો ચાલો, આવતા અંકથી "તેજની અમૃતવાણી-મરમનાં મોતીને માણીએ.

**- તંત્રી**


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in


### સ્મરણાંજલિ

જ્ઞાતિના શ્રી જતીન લાલજી ઘરમશી (સાંધાણ-બારશી) પરિવારના ચાર સભ્યો અને તેમના બહેનશ્રી તા.૩-૭-૧૨ના અકસ્માતે અવસાન પામ્યા એ કરૂણ શોકાંતિકા બદલ આમજનોને સહૃદયે શાંત્વના અને આશ્વાસન... - ચીમન મોતા


SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

।। શ્રી સુમતિનાથાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

C/o. મે.વિરચંદ નરસી, પો.બૉ.નં.11, મલકાપૂર-443101. (જી. બુલડાણા) ફોનઃ (07267) 222032, 222232, Gram : kumar

## એકમની જનરલ સભાની ખબર

મહારાષ્ટ્ર એકમની જનરલ સભા **રવિવાર તા.૯ સપ્ટેંબર૧૨ ધુલિયા** મુકામે બપોરના ૧.૩૦ કલાકે... પ્રમુખ **શ્રી તિલોકચંદભાઈ નરશીભાઈ દંડ**ની અધ્યક્ષતામાં નીચે મુજબના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવા બોલાવવામાં આવેલ છે. સર્વેને સમયસર હાજરી આપવા વિનંતી છે.

**~ કાર્યસુચી ~**

૧) ગત જનરલ સભાની મિનીટ બુક વાંચીને બહાલી આપવા. ૨) વાર્ષિક અહેવાલ વાંચન

૩) તારીખ ૩૧-૩-૧૨ સુધીના ઓડીટ થયેલ રીપોર્ટની રજુઆત અને મંજુરી આપવા.

૪) વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના અંદાજપત્રકને મંજુરી તેમજ કારોબારીની મિટીંગમાં લેવાયેલા નિર્ણયોને મંજુરી આપવા.

૫) વર્ષ ૨૦૧૨-૨૦૧૩નાં વર્ષ માટે ઓડીટરની નિમણુંક કરવા. ૬) વ્યક્તિવિશેષોનું સન્માન

૭) એકમના ઉત્કર્ષને અનુલક્ષીને ઉપસ્થીત સભ્યોના માર્ગદર્શન/મંતવ્યની રજુઆત.

૮) શૈક્ષણિક, ધાર્મિક તેમજ રમતગમત ક્ષેત્રે સફળ થયેલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ઇનામ વિતરણ

૯) પ્રમુખશ્રીની મંજુરીથી સમયપર આવેલ વિષયો પર વિચારણા તેમજ મંજુરી

**નોંધ :** કોરમના અભાવે મુલતવી રહેલ સભા તેજ દિવસે ત્યાંજ અડધા કલાક પછી મળશે. જેને કોરમની આવશ્યકતા નહીં રહે. ઉતારા તથા જમવાની વ્યવસ્થા મિટીંગના સ્થળે રાખવામાં આવેલ છે.

**નોંધ :** વ્યવસ્થા સરળ થાય તે માટે આપનો મિટીંગના સ્થળે આવવાનો કાર્યક્રમ આઠ દિવસ પહેલા **ધુલિયા**ના સરનામે જણાવશોજી.

**કાર્યક્રમ સ્થળ : ક્રીષ્ણા ઈન વાટીકા,<br>બૉમ્બે આગ્રા હાયવે, ગુરૂદ્વારા ચોક, ધુલીયા**

લિ. **શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ વતી**<br>**દિપક દામજી પોલડીયા (માનદમંત્રી)**

**નોંધ :** ૧) સામાન્યસભાની મિટીંગમાં કોઈપણ ઠરાવ મુકવો હોય અને જે કોઈ પ્રશ્ન પુછવા હોય તે સર્વ લેખીતમાં માનદ્‌મંત્રીશ્રીને મિટીંગની તારીખ પહેલા આઠ દિવસ અગાઉ મળી જાય તે રીતે મોકલાવી આપવા વિનંતી.

૨) કારોબારી સમિતિની મિટીંગ ૮-૯-૨૦૧૨ના રાતના ૮.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

### તા.૩૧-૩-૨૦૧૨ના સમાપ્ત થયેલ વર્ષના આવક-જાવકના હિસાબ

| જાવક | | આવક | |
|---|---|---|---|
| બેંક કમિશન | ૩૯.૦૦ | ફિક્સ ડીપૉઝીટ તથા બેંક ખાતા વ્યાજ | ૧૯૬૧૬૮.૦૦ |
| સ્ટેશનરી પ્રિંટીગ ખર્ચ | ૭૧૫૫.૦૦ | | |
| ટ્રસ્ટના ઉદેશો અંગે ખર્ચ | | ડિવિડંડ | ૭૦.૦૦ |
| માનવ ઉત્કર્ષ | - | આવક કરતા જાવક વધારે | ૯૯૬૩૬.૦૦ |
| શૈક્ષણિક સહાયતા | ૧૯૬૬૮૦.૦૦ | | |
| યુવા સંમેલન | ૯૨૦૦૦.૦૦ | | |
| | ૨૯૫૮૭૪.૦૦ | | ૨૯૫૮૭૪.૦૦ |

### સરવૈયું તા.૩૧-૩-૨૦૧૨

| ફંડ અને જબાબદારીઓ | | મિલકતો | |
|---|---|---|---|
| આજીવન સભાસદ ફી | ૧૫૦૭૯૩.૦૦ | રોકડ પુરાંત | ૨૭.૩૬ |
| માનવ ઉત્કર્ષ ફંડ | ૨૨૬૨૮૪.૦૦ | ફિક્સ ડિપોઝીટ | ૨૧૫૯૫૫૬.૦૦ |
| મહિલા મંચ | ૧૯૮૩૧.૦૦ | આયડીબીઆય સેવ્હીંગ ખાતે | ૧૦૦૦૧૬.૬૧ |
| શૈક્ષણિક સહાયતા ફંડ | ૧૬૩૮૫૩૮.૮૨ | જનતા કમ. બેંક સેવ્હીંગ ખાતે | ૧૭૭૭૦.૧૭ |
| યુવા પ્રેરણા ફંડ | ૧૫૭૪૫.૦૦ | મલકાપૂર અર્બન બેંક સેવ્હીંગ ખાતે | ૧૦૦૧૭૬.૦૦ |
| કોર્પસ ફંડ | ૩૨૭૫૯૩.૦૦ | મહેશ અર્બન બેંક સેવ્હીંગ ખાતે | ૧૬૦૯.૦૦ |
| સાધર્મિક–વૈદ્યકીય સહાયતા | ૧૧૪૦૦.૦૦ | શેઅર્સ જનતા કમર્શિયલ બેંક | ૧૦૦૦.૦૦ |
| | | આવકવેરો | ૧૦૦૨૯.૬૮ |
| | ૨૩૯૦૧૮૪.૮૨ | | ૨૩૯૦૧૮૪.૮૨ |

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ વતી ઉત્તમચંદ દેવશીભાઈ દંડ-મલકાપુર** (ખજાનચી)

।। શ્રી સુમતિનાથાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

C/o. મે.વિરચંદ નરસી, પો.બૉ.નં.11, મલકાપૂર-443101. (જી. બુલડાણા) ફોન (07267) 222032, 222232, Gram : kumar

## મહિલામંચ કાર્યક્રમની રૂપરેખા (તા.૮-૯-૨૦૧૨ થી ૯-૯-૨૦૧૨)

**તા.૮-૯-૧૨ શનિવાર**

| | |
|---|---|
| સવારના ૧૦.૦૦ થી ૧૧.૦૦ | મહિલા મંચના સત્રનુ ઉદ્‍ઘાટન |
| સવારના ૧૧.૦૦ થી ૧૨.૦૦ | "પાણી બચાવ-બેટી બચાવ" (Save the Water. Save the Daughter) વિષયે મંતવ્યો |
| બપોર ૧.૩૦ થી ૩.૩૦ | દાંતોની સારવાર ઉપર માર્ગદર્શન **ડૉ. સિમીત વિનોદભાઈ લોડાયા** (ઔરંગાબાદ) |
| બપોરે ૩.૩૦ થી ૪.૩૦ | યોગ ક્રિયા - **ગીતાબેન જૈન** (મુંબઈ) |
| બપોરે ૪.૩૦ થી ૫.૩૦ | મહારાષ્ટ્રના વિવિધ મહિલા મંચોની મિટીંગ |
| રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ |

**તા.૯-૯-૧૨ રવિવાર**

| | |
|---|---|
| સવાર ૭.૩૦ થી ૮.૩૦ | **ભગવાનના ૧૪ સ્વપ્નોની સજાવટ હરિફાઈ (ઘરેથી સજાવીને લાવવા)** |
| સવાર ૮.૩૦ થી ૯.૩૦ | ક્ષમાપના કાર્ડ હરિફાઈ (ક્ષમાપનાના આંતરિક ભાવો વ્યક્ત કરવાની સ્પર્ધા) |
| સવાર ૯.૩૦ થી ૧૧.૩૦ | "જનરેશન ગૅપ" ઉપર માર્ગદર્શન- **શ્રી નરેન્દ્ર પંડ્યા** (અમદાવાદ) |
| સવાર ૧૧.૩૦ થી ૧૨.૩૦ | મહિલા મંચ સત્રનું સમાપન |
| બપોરે ૧.૩૦ થી ૪.૩૦ | મહારાષ્ટ્ર એકમની જનરલ મિટીંગ તથા ઈનામ વિતરણ |

**ધુલીયા સંપર્ક સુત્ર : ચંદ્રકાંતભાઈ-૯૩૭૨૭૦૪૨૪ ● કેતનભાઈ-૯૪૨૨૨૨૮૮૬૧૬**

જેમને કાર્યક્રમ આપવું હોય તો **તા.૧-૯-૧૨** સુધી સુચના મલકાપુર પ્રાપ્ત થાય એમ મોકલવા વિનંતી. ધુલીયા આગમનની સુચના પહેલાથી મોકલવા વિનંતી છે. ભોજનની વ્યવસ્થા કાર્યક્રમ સ્થળે રાખવામાં આવેલ છે.

**નોંધ** : ૧) કાર્યક્રમમાં ફેરફાર કરવાનો અધિકાર સમિતિને રહેશે.

**પ્રતિભા ભરતકુમાર દંડ** (મલકાપુર)
મહિલામંચ-માનદમંત્રી

**હીરબાઈ ગોવિંદજી લોડાયા** (ખામગામ)
મહિલામંચ-અધ્યક્ષ

## -: સુચના/નિયમો :-

૧) શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમના ક્ષેત્રમાં વર્ષ ૨૦૧૨માં શિક્ષણના ક્ષેત્રે ધોરણ ૫ થી ૧૦ સુધીની પરીક્ષાઓમાં દરેક ધોરણમાં ટકાવારી પ્રમાણે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક તથા ધોરણ ૧૨માં ટકાવરી પ્રમાણે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે આર્ટસ, સાયન્સ અને કોમર્સ દરેક વિભાગમાં ઉત્તીર્ણ થયેલ અને ગ્રેજ્યુએટ્સ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ઇનામ અપાશે.

૨) દરેક ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પોતાની માર્કશિટની સર્ટીફાઈડ ઝેરૉક્સ નકલ અરજી સાથે (વિગતવાર સરનામા સહિત) **શ્રી પ્રવિણકુમાર નરશીભાઈ દંડ,** મે. વિરચંદ નરસી, પો.નો.નં.૧૧, મલકાપુર-૪૪૩૧૦૧ આ સરનામે **તા.૨૫-૮-૧૨** સુધી ટપાલમાં અગર આંગડીયામાં સમયસર મળી જાય તે રીતે મોકલવા ભલામણ છે.

૩) ધાર્મિક શિક્ષણમાં પ્રતિક્રમણ વિધી તથા તેનાથી આગળ ધાર્મિક અભ્યાસ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ઈનામ આપવામાં આવશે. ધાર્મિક અભ્યાસની વિગત સ્થાનિક મહાજન અથવા એકમના પ્રતિનિધીની નોંધ સાથે **તા.૨૫-૮-૧૨** સુધીમાં એકમ કાર્યાલયે મોકલવી.

૪) રમતગમતનાં ક્ષેત્રે રાજ્યસ્તરની સ્પર્ધાઓમાં ભાગ લેનાર યુવક/યુવતીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. સંપુર્ણ માહિતી **તા.૨૫-૮-૧૨** સુધીમાં સ્થાનિક મહાજન અથવા એકમના પ્રતિનિધીની નોંધ સાથે મોકલવી.

૫) જ્ઞાતિના મુખપત્ર **"પ્રકાશ-સમીક્ષા"**માં જાહેરાત રૂપે છપાવેલ છે માટે સમયસર વિગત મોકલી આપવા વિનંતી છે.

૬) ઉપરોક્ત ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ પોતાની માર્કશીટની સર્ટીફાઈડ ઝેરૉક્સ નકલ ગામના મહાજનશ્રી અગર કાર્યકર્તા મારફતે અગર સીધું ટપાલમાં મોકલવા ભલામણ છે.

૭) ઈનામોનું વિતરણ મહારાષ્ટ્ર એકમની જનરલ સભામાં ધુલીયા મુકામે **તા.૯-૯-૧૨** રવિવારે કરવામાં આવશે તે વખત **ફક્ત હાજર રહેલા** વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને જ ઈનામ આપવામાં આવશે જેની ખાસ નોંધ લેવા વિનંતી.

**કાર્યક્રમ સ્થળ : ક્રીષ્ણા ઈન વાટીકા,
બૉમ્બે આગ્રા હાયવે, ગુરૂદ્વારા ચોક, ધુલીયા**

***શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ વતી
પ્રવિણકુમાર નરશીભાઈ દંડ (મલકાપૂર)
ચેરમેન-ઈનામ વિતરણ સમિતિ***




### સમસ્ત મહાજનશ્રીનું અનુમોદનીય કાર્યક્રમ

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના નેજા હેઠળ મુંબઈ મહાજનના અર્થ સહયોગથી શ્રી તેજપાલ ધારશી નાગડા કવિ "તેજ"નું સન્માન સમારંભ ખરેખર અનુમોદનીય અને અવિસ્મરણીય રહ્યો. સમારંભ અંતર્ગત ડૉ. ગુલાબ દેઢિયાના સંચાલન હેઠળ શ્રી લાલ રાંભિયા અને ગીતા ઘરોડ દ્વારા કવિશ્રી "તેજ"ની રચનાઓની સંગીતમય રજુઆત અને કવિરાજે પોતે ચૂંટેલી કવિતાઓની પ્રસ્તુતિ કાબિલેતારીફ હતી. કવિશ્રીની સુક્ષ્મ નિરીક્ષણ શક્તિ અને માર્મિકતાના કવિતા દ્વારા દર્શન થયા એ એક અણમોલ લહાવો હતો. "ટીટોડી ટહુકા કરે" ના અંશોનું નાટ્યરૂપાંતર મનમોહક હતું. એમાંય નયનકુંવરનું રોલ ભજવનાર શ્રી મુલચંદ લાલનનો અભિનય અદ્‌ભુત હતો. સાથેજ વરસંગ (ફોરેસ્ટ ઓફિસર) તથા ભરવાડનું પાત્ર ભજવનાર અભિનેતાઓનો સાથ પણ બહુજ સરસ હતો. સૌને અમારા સલામ.

આ કાર્યક્રમ માણવા મળવો એ જીવનનો એક લહાવો હતો અને એ તક અમને આપવા બદલ અમે સંસ્થાના ખૂબ-ખૂબ આભારી છીએ.

***નવી મુંબઈ ૧૮-૭-૨૦૧૨ -માલતી તથા હરીશ દામજી ઘરમશી***

### દિલગીર છીએ

"પ્રકાશ-સમીક્ષા"ના અંક નં.૨૭માં "અનંત છાયા"ના બાબતે શ્રી પ્રવીણ ખોનાના લેખમાં અનંતછાયાના ભૂતપૂર્વ ભાડુત શ્રી હેમરાજ મૈશેરીએ ટ્રસ્ટનું ઋણ ભૂલ્યા વિના અને કાયદેસરના હકો મળતા હોવા છતાં તે સ્વેચ્છાએ ત્યજીને એક ખાનદાન ગુણીયલ જ્ઞાતિજન તરિકેનું દષ્ટાંત પૂરૂં પાડયું છે તે ઉલ્લેખ સાથે તેમના નામ પહેલાં "સ્વ." છપાયું છે તે ગંભીર ક્ષતિ બદલ લેખક તથા "પ્રકાશ-સમીક્ષા" હૃદયપૂર્વક દિલગીરી વ્યક્ત કરે છે અને હેમરાજભાઈ તથા તેમના કુટુંબીજનોની ક્ષમાયાચના ચાહે છે. અલબત્ત, આ ક્ષતિ છતાં હેમરાજભાઈ અને તેમના કુટુંબે ઉદાર મનથી રતિભાર ખોટું લગાડ્યા વિના પત્ર માધ્યમ પ્રતિ સ્નેહભાવ વ્યક્ત કર્યો છે તે બદલ પણ અમે તેમના અત્યંત આભારી છીએ. ઈશ્વર શ્રી હેમરાજભાઈને નિરામય દીર્ઘાયુ બક્ષે એ જ શુભેચ્છાઓ સહ. - ***તંત્રી***


**૫૦ વર્ષની વિશ્વાસુ પરંપરા સાથે**
**મુલુંડના આંગણે...**
**રમણીકલાલ જયંતિલાલ જ્વેલર્સ**
**(વિજય શાહ)**
શૉપ નં.૩, A વિંગ, ગ્રાઉન્ડફ્લોર, પ્રણવ કમર્શિયલ પ્લાઝા,
શિવસેના ઓફિસની બાજુમાં, એમ.જી.રોડ,
મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦

**સોનાના દરેક વજનનાં સિક્કા મુંબઈના હોલસેલ ભાવે મુલુન્ડમાં મળશે.**
**અમારી વિશેષતા ચાંદીના સિક્કા, લગ્ન, જન્મદિવસ તથા ધાર્મિક કાર્યક્રમોમાં પ્રભાવના માટેની ભેટ, ચાંદીની નોટ વગેરે અમારે ત્યાં ઉપલબ્ધ છે.**
**સોનાના જુનાં ઘરેણાં પણ ખરીદીએ છીએ.**

સંપર્ક : **98201 18781 / 2568 0323**



Lucky Draw & Bumper Draw
**CONSUMER SHOPPY**
ENTRY FREE
**EXHIBITION CUM SALE**
**RAKSHABANDHAN SPECIAL**
**Date : 28th July to 1st August 12**
**Time : 11.00 a.m. to 8.00 p.m.**

- Ladies Wear
- Man's Wear
- Tupperwear
- Jewellery
- Home Colletion
- Snacks Items

**GRAND OFFER NEVER BEFORE**

& Many Others Products

Specialist in :
1st Time ready to eat Cook Product
& Loker Kits & Multi user Covers.
/ Pouches 50 tips

**Bumper Draw on 1st August**
**Time : 12 Afternoon to 2.00 p.m.**
1st Prize : Presusre Cooker
2nd Prize : Hand Blander (Yes Boss)
3rd Prize : Vegetbale Cutter

Venue : Chembur Mahila Samaj, Near Saibaba Mandir, D.K. Sandu Road, Chembur (E)
Contact : 07498032535 / 7498868120

## "પ્રકાશ"નો બીજો વાર્ષિક અંક એટલે જાણે પુસ્તકના પાને બોલાવાયેલ જ્ઞાતિ અધિવેશન !

વર્ષ ૨૯૨૫ની દિવાળી વળતે પ્રગટ થયેલ "પ્રકાશ"ના પ્રથમ ગ્રંથને જ્ઞાતિમાંથી જ નહીં સર્વત્ર આવકાર મળેલ. એ નોંધપાત્ર છે કે "મુંબઈ સમાચાર" જૈન, સાહિત્ય, સૌરાષ્ટ્ર, કચ્છ વર્તમાન અને સ્વદેશ જેવા તે વખતના અગ્રગણ્ય પ્રકાશનોએ તેની નોંધ લઈ તેને જ્ઞાતિ ઉન્નતિ માટેના સ્તુત્ય પ્રયાસ તરીકે વધાવેલ.

મહત્વની વાત એ છે કે પ્રકાશકોએ લખાણો સાથે ફોટા અને સજાવટ અંગે જે જહેમત ઉઠાવી હતી તેની લગભગ દરેકે નોંધ લઈ તેને માટે ખાસ અભિનંદન આપ્યા છે.

અલબત્ત, જ્ઞાતિસ્તરે કહીએ તો નિવેદનમાં કહેવાયું છે તેમ તેને ધારવા કરતાં વધુ વિશેષ આવકાર મળ્યો છે અને તેના વિષે ધારવા કરતાં વિશેષ ઉહાપોહ થયો છે."

નિવેદનમાંની એક બીજી વસ્તુ પણ ધ્યાન ખેંચે છે તે એ છે કે (કદાચ આર્થિકરીતે સામાન્ય સ્થિતિના કોઈ) જેમની પાસે અપેક્ષા રાખી નહોતી તેમની પાસેથી પણ (આર્થિક) સહકાર મળ્યો હતો.

પ્રકાશક ફ્રેન્ડલી યુનિયનના સભ્યોએ જ્ઞાતિ ઉત્કર્ષની ચર્ચા-વિચારણા માટે યુવા સંમેલન બોલાવવાને પોતાનો ખાસ ઉદ્દેશ્ય માનેલ હતો. અલબત્ત, આખા ય દેશમાં પથરાયેલી જ્ઞાતિનું કે તેના યુવાનોનું સંમેલન બોલાવવું એ બહુ મોટી જહેમત માગી લે તેવું કામ હતું એટલે એક વ્યવહારૂ માર્ગ શોધી કાઢવામાં આવ્યો. જ્ઞાતિના વિવિધ સ્થળોએ રહેતા આગેવાનોને એક પ્રશ્નાવલિ મોકલવામાં આવી અને તેમણે આપેલા ઉત્તરો પ્રકાશના બીજા અંકની મુખ્ય વિષયવસ્તુ છે.

એ નોંધપાત્ર છે કે કુલે ૬૭ અગ્રણી સ્ત્રી-પુરુષ આગેવાનોએ પોતાના અભિપ્રાય વ્યક્ત કર્યા છે. વિશેષ નોંધપાત્ર એ છે કે, આજથી ૮૬ વર્ષ પહેલાં જ્યારે અન્ય સમુદાયની સ્ત્રીઓ એકડો પણ નહોતી ઘુંટતી તે વખતે સૌ. કુવરબાઈ દેવજી કલ્યાણજી, ખેતબાઈ કલ્યાણજી, દેવકાબાઈ આણંદજી, પ્રેમાબાઈ, વેલજી, મીઠાબાઈ, ખેતશી, રતનબાઈ વીરજી મૈશેરી, સરલાબાઈ સુમતીચંદ્ર, સોનબાઈ શામજી, એમ આઠ બહેનોએ એટલે કે કુલ સંખ્યાના ૧૨ ટકા પોતાના અભિપ્રાય બહુ સ્પષ્ટ રીતે રજૂ કર્યા છે. ખાસ કરીને સ્ત્રીઓ સાથે સંબંધિત બાબતોમાં તેમણે તે જમાનાથી ૨૫-૫૦ વર્ષ આગળ ગણાય તેવા અભિપ્રાય વ્યક્ત કર્યા છે. ભારતીય સંસદમાં આજે પણ સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ ૮ થી ૯% જેટલું જ રહ્યું છે એ દષ્ટિએ અહીં ૧૨% સ્ત્રી સક્રિયતા/પ્રતિનિધિત્વ નોંધપાત્ર ગણાય.

પુસ્તકના પાને મીની અધિવેશન ભરવા માટે પૂછાયેલા પ્રશ્નો અને ૬૭ જણના અભિપ્રાયોની ફલશ્રુતિ પરથી જાણી શકીએ છીએ કે ગુપ્ત મતદાન, કેળવણી, અન્ય સમુદાય કરતાં ઓછા પર્યાયી સામાજિક વ્યવહારો, યોગ્ય લગ્ન વય, વિધવા વિવાહ, જ્ઞાતિસંમેલન ભરવાની ભાવના જેવા પાછળથી મળેલા ફળના બીજ અહીં વવાયા હતા.

પુસ્તકને પાને ભરેલા મીની અધિવેશન ઉપરાંતની સામગ્રીમાં જૈન ધર્મનો અભ્યાસ કરી પી.એચ.ડી. કનારા જર્મન મહિલા મીસ મીલ ક્રાઉએ (ધર્મબેન સુભદ્રા)ની જૈન ધર્મનું પાલન કઈ રીતે થવું જોઈ તે અંગેની ટીપણી શ્રી મહાવીરસ્વામીએ પ્રજ્ઞથી (કરેલા) ધર્મને શબ્દો નહીં, પરતું અર્થ પ્રમાણે, પવિત્રતાપૂર્વક પાળવો જોઈએ. તેથી કલ્યાણ નક્કી થશે અને બધાઓની ઉન્નતિ થશે પરની પ્રકાશકોની ટિપ્પણી ખાસ મહત્વ રાખે છે : પ્રકાશકો કહે છે કે શ્રી જૈન ધર્મના તત્વો જે કદ સુધી શ્રીમતી સભદ્રાબહેન જેવાં પહેલાંના ક્રિશ્ચિસન ધર્મને અનુસરનારાં સમજ્યાં છે તેટલી હદ સુધી પણ આપણાં શ્રાવકબંધુઓ અને પૂજ્ય સાધુ મહારાજો પ્રથમથી જ જૈન શાસનને માનનારા હોવા છતાં પણ સમજતા નથી.

અરે! સમજવાની દરકારે નથી કરતા એ ઘણુંજ શોચનીય છે. આશા છે કે આ બાબતમાં જૈન સમાજ આવા દષ્ટાંતો જોઈ જરૂર જાગૃત થશે.

ધરમશી નથુભાઈનો એક પાનાનો લેખ "ભૂલી જતાં શીખો" મિચ્છામિદુક્કડમ્‌ની ભાવનાને બીજી રીતે વ્યક્ત કરતા કહે છે "અનિનિશ્ચત અને અલ્પાયુ જીવનને સરળ બનાવી નિષ્કલંક જીવન ગાળવો, આધિ-વ્યાધિ અને ઉપાધિનો નાશ કરવાનો, આ દુનિયામાં કંઈ પણ નામ નિશાન મૂકી અમર થવાનો, સુધારાથી આગળ ધપતા જમાનામાં યત્કીંચિત પણ હિસ્સો આપવાની શક્તિ મેળવવાનો, અને આત્મશ્રેય સાધવાનો સહેલો અને સરળ ઉપાય "ભૂલી જવું" એજ છે. પૂણ્યશાળી અને ભાગ્યશાળી આત્માજ ભૂલીને શીખે.

ચાંપશી પરબત લધા પોતાના લેખમાં મરણ પછવાડે રોવા કુટવાનો ચાલતો રિવાજમાં સ્વજનો સિવાય કોઇને જનારના મૃત્યુનો શોક નથી હોતો છતાં તે ઢોંગથી રડવાનો રિવાજ છે તે ખરેખર હાસ્યાસ્પદ છે.

શીવજી ચત્રભુજ શાહ (બી.એ.) એ કન્યાવિક્રય, બાળલગ્ન અને વૃધ્ધલગ્નની કુરૂઢીઓને મનુષ્ય તો શું પશુ પ્રકૃતિથી પણ પ્રતિકુળ ગણાવી છે.

સુધારાને વેગ આપવા તથા દુષણોને ખુલ્લા પાડવા ગત અંકથી શરૂ કરાયેલી જ્ઞાતિની સત્ય ઘટનાઓને વાર્તારૂપે રજૂ કરવાની રીત આ અંકમાં પણ ચાલુ રાખવામાં આવી છે. એક બહેને સ્ત્રીઓની વધતી જતી શારીરિક નબળાઈના કારણોની છણાવટ કરતાં કુરિવાજોની અસર સાથે વધતા શહેરી વસવાટને કારણે શ્રમ પ્રત્યેની ઉદાસીનતાને કારણભૂત ગણેલ છે.

"અહિં તહિં" વિભાગમાં તંત્રી ડો. વેલજી પાશ્વીર ગોસરે સર્વશ્રી મહાજન, પાઠશાળા, બોર્ડિંગ, સેવક સમાજ, સ્વયંસેવક મંડળ, પર્યુષણ પર્વ, દેવદ્રવ્ય, જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, મ્યુનિસિપલ ચૂંટણી, કચ્છમાંના દુકાળ, કચ્છી પ્રજાકીય પરિષદ આદિ એ સંબંધિત વર્ષમાં શું કર્યું, શું ન કર્યું તે અંગે ટૂંકી પણ સર્વગ્રાહી નોંધ આપી છે. દેવદ્રવ્યની વાત કરતા દેવદ્રવ્યથી (સંભવતઃ) જૂનું અનંતભૂવન બાંધવાના નિર્ણયને વધાવતા કહ્યું છે કે જૈન સમાજમાં દેવદ્રવ્ય અંગે વિવાદ ચાલી રહ્યા છે ત્યારે જ્ઞાતિ અને દેરાસરના ટ્રસ્ટી "શ્રી વીરની સંપત્તિ વીરની સંતતિ માટે હોય" એ સૂત્રને બરાબર સમજેલા છે.

આ અંકમાંના નિર્ગ્રંથ ઓમકાર માલા, સિધ્ધક્ષેત્ર શત્રુંજય, શેઠ કેશવજી નાયક જે.પી., શ્રી ખેતશી ખીંયશી જે.પી., કલ્પસુત્ર પોથીના સરઘસ પ્રસંગે રથના દૃશ્યો, પર્યુષણ પ્રસંગે પારણાનું સરઘસ, શેઠ વસનજી સોજપાર, શેઠ પાસુભાઈ પરબત, શેઠ શીવજી ખેતસી ગુંદરવાલા, કેશવજી નાયક ફુવારો આદિ ફોટા આ સામાયિકને સજાવટની દૃષ્ટિએ પણ તે જમાનામાં અન્ય જ્ઞાતિપત્રોથી આગળ પ્રોફેશનલ સામયિકોની સમકક્ષ મૂકે છે.

એકંદરે જોઈએ તો પત્રકારત્વની સજજતા જાળવવા સાથે આ અંક દ્વારા જ્ઞાતિનું મીની સંમેલન યોજવાની મહત્વાકાંક્ષા વિચારાઈ છે.

*- ચંદ્રસેન મોમાયા*

***નોંધ : આ અંકના ફોટાઓ ગતાંકમાં કલરમાં છપાયા છે.***


**મુશ્કેલ નથી સાથીની ખોજ**

યુવાન દિલોનું દિલ ધડકે, સાથીની ખોજ એમને સતાવે. તો બનો ચિંતામુક્ત હવે. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વિશાળ સેવામાં.... જ્યાં મળશે પસંદગીનો ફલક વિસ્તાર. તો આજે જ આપ આપના લાડકવાયા પુત્ર/પુત્રીઓનું નામ રજીસ્ટ્રેશન કરાવો.

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

**Registrar online on : www.asanjokutch.com/matrimonials**


## ઝુકી તો જ્વાય જ ને !

### અનુમોદનીય જ્ઞાતિભાવના

છેલ્લા પાંચેક વર્ષોથી જ્ઞાતિના શ્રેષ્ઠીરત્નો તરફથી જે દાનનો શ્રોત વહી રહ્યો છે. જે સત્કર્મોની વણઝાર જોઈ રહ્યા છીએ, જે ધાર્મિક, સામાજીક ઉત્સવોની રંગોળીઓ થઈ રહી છે. જે જરૂરીયાતમંદોને સહાયતા થઈ રહી છે. આ બધા સેવાલક્ષી, ધર્મલક્ષી, જ્ઞાતિના ઉત્કર્ષના કાર્યો સદીઓ સુધી યાદ રહે એવા એમના સત્કર્મોની લહાણી જોઈ, વાંચી, અનુભવી, હૈયું ગદગદ પુલકીત થઈ જાય છે. ગર્વની ભાવના, આદરભાવ અને અનુકંપા અનુભુતિ થાય છે.

આવા સત્કર્મો જોઈ જ્ઞાતિ શીરોમણી શેઠશ્રી નરશી નાથા, જ્ઞાતિરત્ન શેઠશ્રી કેશવજી નાયક વગેરેના દિવ્યચક્ષુઓ હર્ષના આનંદથી તરબોળ થતાં હશે.

આટલા વિશાળ જાજરમાન ઐશ્વર્યના સ્વામી હોવા છતાં. પણ શ્રેષ્ઠીવર્યોની સાદગી, ધર્મપરાયણતા, જ્ઞાતિપ્રેમ, સ્વભાવની સાલસતા, સરળતા અને ઔદાર્ય જોઈ ઝુકી તો જવાય જ ને.

ધન્ય છે માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારના સુપુત્રો શ્રી હિતેશભાઈ અને કલ્પેશભાઈ ધન્ય છે, શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર, ધન્ય છે શેઠ શ્રી ભુપેન્દ્ર મુલજી દંડ પરિવાર.

આપ સૌને દીર્ઘ, સ્વસ્થ જીવન પ્રાપ્ત થાય એવી ઈશ્વરને અંતરની પ્રાર્થના.

લક્ષ્મી અને સરસ્વતીની આવી જ અવિરત કૃપા આપણાં પર અમર રહે.

*- ભરત રતનશી ખોના* (મુલુંડ)


**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

**C.H.A.No.11-0404**

**K. Dixit**

**રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.**

**કૌશિક રાયચંદ શાહ (પટેલ) - સાંધાણ**

**982045 7676**

417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in



# શ્રી મોટીખાવડી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(સંચાલીત)

# શ્રી જૈન શ્વેતાંબર મુર્તિપૂજક સંઘ - મોટી ખાવડી
# જૈન દેરાસર તથા મહાજન વાડી

## શ્રી અષ્ટપ્રકારી પૂજાનાં નકરા તથા લાભાર્થીના નામો

ભાદરવા સુદ ૬ થી ભાદરવા સુદ ૫ સુધી સંવત ૨૦૬૭-૬૮

### પક્ષાલ પૂજા (વાર્ષિક નકરો રૂા. ૭૫૦૦/-)

માતુશ્રી ગોમાબાઇ હેમરાજ દેવરાજ લોડાયા પરિવાર - હ. ઉત્તમ લોડાયા - ઘાટકોપર

### અંગ લુછણા/પાટ લુછણા (વાર્ષિક નકરો રૂા. ૩,૦૦૦/-)

પિતાશ્રી રમણીકલાલ જેવત ખોનાનાં સ્મરણાર્થે - હ. અશોક/નિતિન/અજય ખોના - ડોંબિવલી

### કેશર/સુખડ/ચંદન પૂજા (માસિક નકરો રૂા. ૨,૫૦૦/-)

૩ માસ - માતુશ્રી ધનલક્ષ્મીબેન કુંવરજી હિરજી લોડાયા પરિવાર
હ. હર્ષિલ તથા રંજનબેન પ્રવિણ લોડાયા - કાંદિવલી
૨ માસ - માતુશ્રી જયાબેન વિસનજી હિરજી લોડાયા પરિવાર - હ. મેનાબેન મહેન્દ્ર લોડાયા - મુલુન્ડ
૨ માસ - માતુશ્રી વેલબાઇ શામજી કરમશી લોડાયા પરિવાર - હ. દિપક શામજી લોડાયા - મુલુન્ડ
૧ માસ - માતુશ્રી લક્ષ્મીબેન જેન્તીલાલ હંસરાજ ખોના પરિવાર
૧ માસ - માતુશ્રી કુસુમબેન કિશોરભાઇ દામજી ખોના પરિવાર - હ. સ્વાતિ અમિત ખોના - થાણા
૧ માસ - પિતાશ્રી ગોવિંદજી દેવજી લોડાયા પરિવાર - હ. જીવરાજ ગોવિંદજી લોડાયા - થાણા
૧ માસ - પિતાશ્રી મોતિલાલ દેવજી લોડાયા પરિવાર - ઘાટકોપર
૧ માસ - ભાઇશ્રી ડુંગરશી જેતશી ખોના નાં સ્મરણાર્થે - હ. ગુલાબચંદ જેતશી ખોના - દાવનગીરી

### દિપક પૂજા (માસિક નકરો રૂા. ૧,૫૦૦/-)

૪ માસ - માતુશ્રી રાજબાઇ વેરસી કરમશી લોડાયા પરિવાર - હ. યોમેશ / મોનેશ લોડાયા - મુલુન્ડ
૩ માસ - માતુશ્રી મણીબેન હંસરાજ દેવજી લોડાયા પરિવાર - હ. નરેન્દ્ર હંસરાજ લોડાયા - થાણા
૧ માસ - પિતાશ્રી જેન્તીલાલ હંસરાજ દેવજી ખોના પરિવાર
૧ માસ - પિતાશ્રી હેમરાજ જેતશી ઠાકરશી ખોના પરિવાર - હ. કુલીન હેમરાજ ખોના - થાણા
૧ માસ - માતુશ્રી શાંતાબાઇ હેમરાજ જેતશી ખોના પરિવાર - હ. કુલીન હેમરાજ ખોના - થાણા
૧ માસ - પિતાશ્રી કાંતિલાલ વેરસી કરમશી લોડાયા પરિવાર - હ. હર્ષદ/અમિત લોડાયા - ડોંબિવલી
૧ માસ - પિતાશ્રી મોતિલાલ દેવજી લોડાયા પરિવાર - ઘાટકોપર

### ધુપ પૂજા (વાર્ષિક નકરો રૂા. ૬,૦૦૦/-)

માતુશ્રી રાજબાઇ વેરસી કરમશી લોડાયા પરિવાર હ. પૂષ્પાબેન ચંદ્રકાંત લોડાયા - મુલુન્ડ

---

ઉપરોક્ત તમામ લાભાર્થીઓ તેમજ તમામ કાર્યકર્તાઓએ શ્રી સંઘના દરેક કાર્યમાં સુવર્ણ સહયોગ આપી અમારા કામ કરવાના ભાવ અને હોંશ વધારી જે પ્રોત્સાહન પુરૂ પાડેલ છે તે બદલ ખૂબ-ખૂબ અનુમોદના કરીએ છીએ. તેમજ સમગ્ર મોટીખાવડીવાસીઓ માટે શ્રી ચંદ્રપ્રભદાદા પાસે ક્ષેમ કુશળતા પ્રાર્થીએ છીએ.

ખુબજ ભાવ અને જતન પુર્વક તિર્થ શણગાર/જિર્ણોધ્ધારનું કાર્ય ચાલુ છે. શ્રી સંઘનાં આ કાર્યમાં અમારા સાથે ખંભે ખંભા મિલાવીને જે દાતાશ્રીઓ સહયોગ આપી રહ્યા છે તેઓ તમામ દાતાશ્રીઓને શ્રી સંઘના ટ્રસ્ટ બોર્ડ વતી નતમસ્તકે વંદન સાથે સાથે ભુરી ભુરી અનુમોદના.....

**સંવત ૨૦૬૭/૬૮ નાં શ્રી અષ્ટપ્રકારી પૂજાનાં નકરાઓ નોંધવાના ચાલુ છે. લાભ લેવા ઇચ્છતા ભાગ્યશાળીઓએ ટ્રસ્ટ બોર્ડનો સંપર્ક કરવો...**

લિ.

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મોટી ખાવડી વતી ટ્રસ્ટ બોર્ડ

## ૧૯૪૭ થી ૨૦૧૨ : જ્ઞાતિપ્રવાહમાં ભરતી-ઓટ

*- પ્રવીણ દેવજી ખોના (મુંબઈ)*

શ્રી સમસ્ત મહાજનના ઉપક્રમે રવિવાર, ૧૫-૭-૧૨ના રોજ વિવિધ સ્તરથી સભાઓ યોજવામાં આવેલ.

જ્ઞાતિ જરૂરીયાતો અંગે પ્રથમ આપણે ૧૯૪૭ના પ્રથમ જ્ઞાતિ અધિવેશનથી જ્ઞાતિના વિવિધ પ્રશ્નોના બારામાં ચર્ચા વિચારણા કરતા આવ્યા છીએ. પરિણામ?

પ્રથમ અધિવેશનના નિષ્કર્ષરૂપે શિક્ષણ પ્રસારક સમિતિ ઉદ્‌ભવી. જે અત્યારે શ્રી શીવજી કુંવરજી વીકમશીની રાહબરી નીચે શિક્ષણ પ્રસારના ક્ષેત્રે ખરેખર પ્રસંશાપાત્ર કામ કરી રહી છે. એ અધિવેશનમાં જ્ઞાતિના વિવિધ મહાજનોના સંકલન માટે **મધ્યસ્થ મહાજન**ની સ્થાપના કરવામાં આવેલ. જેના સંચાલન માટે એક કાર્યાલય પણ શરૂ કરવામાં આવેલ. અને એક મહાનુભાવની માનદ વેતનથી સેક્રેટરી તરીકે નીમમુંક પણ કરવામાં આવેલ. પરંતુ થોડા વર્ષોની સુસુપ્ત અવસ્થા બાદ મધ્યસ્થ મહાજને પોતાનું અસ્તિત્વ ગુમાવ્યું.

ત્રીસ વર્ષના વહાણા વાયા બાદ ૧૯૭૯માં હુબલી ખાતે ત્રીદીવસીય દ્વિતિય જ્ઞાતિ અધિવેશન યોજાયું. જેની સંપૂર્ણ જવાબદારી દક્ષિણના મહાજનોએ ઊઠાવી. એમાં જ્ઞાતિ ઉન્નતિ માટે વિવિધ ઠરાવો થયા. જેમાં બે મુખ્ય હતા. એક જ્ઞાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ સુવિધા પૂરી પાડવા માટે એક શૈક્ષણીક સંકુલ ઊભું કરવું જેની સંપૂર્ણ જવાબદારી વહન કરવા સદર અધિવેશનના પ્રમુખશ્રીના નેજા હેઠળ તેમને યોગ્ય જણાય તેવી વ્યક્તિઓની એક સમિતિ બનાવવાનું નક્કી કરવામાં આવેલ. જે સમિતિ શ્રી સનતભાઈ દ્વારા "પ્રકાશ-સમીક્ષા"માં પ્રગટ થયેલા કેટલાક તંત્રીલેખોમાં તે વિષે કડક આલોચના થયા બાદ સુસુપ્ત થઈ ગઈ. બીજું, જ્ઞાતિ માટે એક કો-ઓપરેટીવ બેંક સ્થાપવી. જેના માટેની જવાબદારી લેવા કોઈ મહાનુભાવ તૈયાર ન હતા. પરંતુ, મુંબઈના કેટલાક યુવાનોએ સ્વેચ્છાએ એ જવાબદારી ઉપાડી લીધી. જેમાં પરીણામે આજે આપણે સાત બ્રાન્ચો ધરાવતી "અરિહંત બેંક" મેળવી શક્યા છીએ જેનું આજે કેટલાક યુવાન કાર્યકર ભાઈ બહેનો સુસંચાલન કરીને તેનું વિસ્તૃતિકરણ કરી રહ્યા છે. આ દ્વિતીય અધિવેશન દરમ્યાન જ્ઞાતિના દશ સમાજસેવકોનું બહુમાન કરવાનું એની સ્વાગત સમિતિઓ નક્કી કરેલ. જે અનુસાર પાંચ સદગૃહસ્થોની, સમિતિઓ નક્કી કરેલ. કોને માનપત્રો આપવા એ નક્કી કરવાં એક સમિતિ બનાવવામાં આવેલ. આપણા સદ્‌નશીબે. એ સમિતિના સભ્યો આ જ્ઞાતિજનોને સન્માન યોગ્ય ગણેલ. જેમાં પાંચ તો એ સમિતિના સભ્યો પોતોજ અને તેમના કુટુંબીજનો જ હતા. "સીદ્ધીભાઈને સીદકા વહાલા". ખેર, સદર દ્વિતિય અધિવેશનની ફળશ્રુતિરૂપે અરિહંત બેંક શીવાય અન્ય કોઈ પ્રાપ્તિ જમા નથી.

થોડા વર્ષોની સુષપ્ત અવસ્થા બાદ ૧૯૯૧માં ઘાટકોપર ખાતે ત્રીજું સંમેલન યોજવાનું મુંબઈ મહાજને નક્કી કરેલ. એ સંમેલનની ફળપ્રાપ્તિરૂપે **શ્રી સમસ્ત મહાજનનો** જન્મ થયો. જેના સેક્રેટરી જનરલ તરીકે સદર અધિવેશનના પ્રમુખશ્રીની વરણી થઈ. પરંતુ વીસેક વર્ષોની સુષુપ્ત અવસ્થા બાદ શ્રી સમસ્ત મહાજનને પુનર્જિવિત કરવામાં આવ્યું અને અધિકારીઓમાં ફેરફારો કરવામાં આવ્યા. જેમણે પ્રાથમિક કાર્યવાહીરૂપે છેલ્લા છ-સાત મહીના દરમ્યાન દેશાવરોમાં વિવિધ જનજાગરણ સંપર્ક સભાઓ યોજીને જ્ઞાતિના વિવિધ પ્રશ્નો જાણવાનો પ્રયાસ કર્યો.

આ રીતે, ગત ૧૫ જુલાઈના ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિની સભાઓ પછી, મુંબઈના જ્ઞાતિજનો માટેની પ્રથમ જનજાગરણ સભા પણ યોજાઈ, જેમાં વિવિધ વક્તાઓએ પોતાના વિચારો દર્શાવ્યા.

આમાં "અનંતછાયા"ના કેટલાક ભાડુતોએ જણાવ્યું કે "અનંતછાયા"ના રીડેવલપમેન્ટને કારણે તેમને નવી જગ્યાઓ ઓનરશીપથી મળશે. તે માટે વર્તમાન ટ્રસ્ટબોર્ડે યોગ્ય પગલું લીધું છે પરંતુ જ્ઞાતિપત્રોમાં આ બાબતે નકારાત્મક પ્રકારના લેખો છપાય છે. તેથી તેમના હિતો જોખવાય છે. (અલબત, ભાડુતો, આ લેખોમાં તેમનું હિત સવવાય તે માટે થયેલ અંગુલિનિર્દેશ સમજ્યા નથી, તે વહેલી તકે સમજે એવી અપેક્ષા.)

આ સંદર્ભમાં, એક ભૂતપૂર્વ ટ્રસ્ટી મહાશયે, જ્ઞાતિપત્રો માટે સમસ્ત મહાજને આચારસંહિતા ઘડવી જોઇએ તેવી ભલામણ પણ કરી હતી! (એમની જાણ ખાતર, આપણાં દેશના વર્તમાન વડાપ્રધાનને "નિક્કમા પ્રધાનમંત્રી." અને "રાજકીય રીતે નપુંસક" જેવી ખુલ્લેઆમ કરાતી અને છાપોઓમાં છપાતી વ્યંગયપૂર્ણ ટીકાઓ છતાં પ્રેસ કાઉન્સીલ ઓફ ઇન્ડીયા જે પ્રકાશનો માટે યોગ્ય આચારસંહિતા પાલનની દેખરેખ રાખે છે અને જેના અધ્યક્ષ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ  જજ છે, તે પણ આવી ભાષા કે લખાણો વિષે કોઈ વાંધો લેતી નથી કે નથી આપણા વડાપ્રધાન મનમોહનસિંગ તે વિષે પ્રેસ કાઉન્સીલમાં ફરિયાદ કરે છે!)

તે ઉપરાંત, એક ટ્રસ્ટી મહાશયે, જ્ઞાતિપત્રો અમને પૂછયા વિના પોતાની રીતે "અનંતછાયા"ના બારામાં લેખો લખે છે તે વિષે આક્રોશ કરતાં કહ્યું હતું કે અમે (ટ્રસ્ટબોર્ડે) કેવા સંજોગોમાં આ નિર્ણય લીધો છે વિગેરે બાબતે આજે કોઈ જ્ઞાતિપત્ર કેમ પૂછતું નથી? અને અમે કોઈ પણ પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છીએ. એટલે જ્ઞાતિપત્રોમાં જે ટીકાઓ થઈ રહી છે તે યોગ્ય નથી.

આપણા દેશના વર્તમાનપત્રો કે મેગેઝીનો પોતાના પ્રકાશનમાં તંત્રીલેખો અને અન્ય લેખો પ્રગટ કરી પોતાના વિચારો-મંતવ્યો (જેમાં ઉગ્ર ટીકાઓ મુખ્યત્વે હોય છે તે વ્યક્ત કરે છે, તે પહેલાં તેઓ સરકાર કે સંબંધિત મંત્રીઓને પોતે જે વિષય પર લખવાના છે તે અંગે પ્રશ્નો પૂછે પછી જ લેખો લખે એવી ફરિયાદ ક્યારે કોઈ પ્રધાનમંત્રી કે અન્ય પ્રધાને કરી છે?)

ટ્રસ્ટીઓ કે મહાજનના અધિકારીઓ કે અન્ય જે કોઈ સક્રિય કાર્યકરો હોય તેમના વિષે જ્ઞાતિપત્રોમાં કે અન્ય રીતે ટીકાઓ થાય ત્યારે તે અંગે આક્રોશ કે રોષ ઠાલવવાને બદલે તેને કેવી રીતે હકારાત્મક અર્થમાં લેવી કે તે વિષે ઉદારદિલ રાખવાની સમજ ટ્રસ્ટી મહાશયો કેળવે તે માટે આજથી સીતેરેક વર્ષ પહેલાંની એક હકીકત જણાવવાની લાલચ રોકી શકતો નથી.

વર્ષો પૂર્વે એક રવિવારે હંમેશની જેમ મારા પ્રિય મિત્ર (સ્વ.) પ્રવીણ ધરમશી અને હું શકુંતલા સ્કુલ સામેનો રેલ્વેપૂલ ક્રોસ કરીને મરીનડ્રાઈવ ફરવા જતા હતા. દાદરો ઉતરતાંજ (સ્વ.) લક્ષ્મીચંદ વીરજી લાપસીયા ભેટી ગયા. અમારા કુટુંબ સાથે વર્ષો જૂનો ઘનિષ્ટ મૈત્રીસબંધ. પ્રેમથી પાટણ જૈન સોસાયટીમાંના પોતાના ઘરે તેઢી ગયા. ચા પાણી નાસ્તો કરાવ્યો. લક્ષ્મીચંદભાઈએ લગાતા ત્રીસેક વર્ષ સુધી "પ્રકાશ"ના પ્રકાશનમાં અત્યંત સક્રિય ભાગ લીધો હતો અને તેમની અને તેમના સાથીઓની કલમે તે વખતના શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનના અધિકારીઓ વિષે "પ્રકાશ"માં કડક ટીકાઓ, ટૂચકાઓ પ્રગટ થતા હતા.

જૂની વાતો કરતાં કરતાં કહે, "પ્રકાશ"ના ફંડફાળા માટે અમે તે વખતના મોભી ટ્રસ્ટી શ્રી ઠાકરશીશેઠ (હીરજી નેણશી-ગામદેવી)ની ઓફીસે પહોંચી જતા. તેમણે ચા નાસ્તો કરાવીને ખબરઅંતર પૂછી વગર માંગ્યે સારી એવી રકમનો ફાળો આપી દેતા. પ્રકાશના તે પછીના બીજાજ અંકમાં અમે એમની કાર્યવાહીની ઉગ્ર ટીકા કરતા અને પછી થોડાજ દિવસોમાં જ તેમની પાસે ફરી પહોંચી જતા. હસીને આવકાર આપતા ચા પાણી પીવડાવતા. એમની સાથે એમની છપાયેલ ટીકા અંગે ચર્ચા કરવાની અમારી આશા પર ઠંડુ પાણી રેડી દેતા. તે વિષય જ ઉચ્ચારતા નહીં! બસ, હસીને વિદાય કરતા અને સાથે સાથે "પ્રકાશ" માટે સારી એવી રકમના ફાળાનું કવર અમારા હાથમાં પધરાવતા!

આમ, પોતાની જ ટીકા કરનાર સામે ઉત્તેજીત થયા વિના અને કોઈ પણ ઉશ્કેરાટવાળી ભાષાનો ઉપયોગ કર્યા વિના તેની સાથે સ્નેહમય વ્યવહાર રાખનાર એવા મોટા ગજાના અને ખેલદિલ ટ્રસ્ટીઓનું દૃષ્ટાંત વર્તમાન ટ્રસ્ટીઓ અને અન્ય સામાજીક અગ્રણીઓ સ્મરણમાં રાખે તો?


## અવની ક્રિયેસન્સ

**કરાવો પીટા તારવર્કની સાડી**

**ફક્ત ૧૦૦૦/- માં...**

બધાજ હેન્ડવર્કની સાડીઓ તથા કેનવાસમાં અનેક ડીઝાઈનો કરી આપવામાં આવે છે. કેનવાસ ડ્રોઈંગ તથા છપાઈ પણ કરી આપશું.

સંપર્ક : **અવની ધરમશી-09757086855**

।। શ્રી મહાવીરાય નમઃ ।।

## શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ

વસઈ જૈન તીર્થ, ભદ્રેશ્વર, તા. મુંદ્રા (કચ્છ)

**અમૂલ્ય લાભ**

ટ્રસ્ટ સંચાલીત વસઈ જૈન તીર્થ મધ્યે દેરાસરજીમાં દાદાશ્રી મહાવીરસ્વામી પ્રભુજીના ગંભારામાં તથા કેવલી ભગવંત કપીલમુનિ પ્રતિષ્ઠીત દાદા શ્રી શામળીયા પાર્શ્વનાથ પ્રભુજીના ગંભારામાં કલાત્મક ચાંદીના પૂંઠીયા (પીછવાઈ) લગાવવાના છે. તથા દેરાસરજીના ભાવના મંડપમાં ત્રીગડાગઢ (સમોવસરણ) ચાંદીનો પધરાવવાનો છે. આ માટે નકરા લેવાનું નક્કી કરવામાં આવ્યુ છે. જે તે પૂઠીયા (પીંછવાઈ) તથા ત્રીગડાગઢ (સમોવસરણ) નો લાભ લેનાર ભાગ્યશાળીનું નામ તેની ઉપર અંકીત કરવામાં આવશે તથા બલાનક (દેરાસરજીના પ્રવેશના અંદરના ભાગમાં) અંકીત કરવામાં આવશે. આ નકરા લેવા માટેની છેલ્લી તારીખ ૩૦-૦૮-૨૦૧૨ સુધીની રહેશે. વધુ વિગત માટેની નીચે જણાવેલ ટ્રસ્ટીઓનો ફોન ઉપર સંપર્ક સાધવો.

**પ્રમુખશ્રી:પ્રવિણચંદ્ર એસ. શાહ-09869326396**

**મે. ટ્રસ્ટીશ્રી:પદમશી એલ. લાલકા(02836)221427**

***લિ. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી***

।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

# શ્રી કોઠારા કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન હસ્તકના ટ્રસ્ટો

## ✻ શ્રી કોઠારા શાંતિનાથજી મહારાજ જૈન દેરાસર તથા સાધારણ ફંડ ટ્રસ્ટ
## ✻ શ્રી કોઠારા કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ
## ✻ શ્રી કોઠારા પાંજરાપોળ ટ્રસ્ટ

**ઉપરોક્ત ત્રણે ટ્રસ્ટના વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના ઓડીટેડ હિસાબો રજૂ કરીએ છીએ.**

**ઓડિટર મે. ખીમજી કુંવરજી એન્ડ કું. – ગાંધીધામ**

## શ્રી કોઠારા શાંતિનાથજી મહારાજ જૈન દેરાસર તથા સાધારણ ફંડ ટ્રસ્ટ

ટ્રસ્ટ નં.: એ-૯૯૯-કચ્છ

**બેલેન્સ શીટ તા. ૩૧-૦૩-૨૦૧૨**

| રૂપિયા | ફંડ જવાબદારીઓ | રૂપિયા | મિલ્કત - લેણું |
|---|---|---|---|
| 1124959.47 | ટ્રસ્ટ ફંડ | 6095732.50 | સ્થાવર મિલ્કતો |
| 4295285.00 | અજાણી અતિથીગૃહ બિલ્ડીંગ ફંડ | 500513.50 | ફર્નિચર, ફીક્ચર તથા ડેડસ્ટોક |
| 1150483.00 | કાયમી અંકિત ફંડો | 4116900.00 | રોકાણો |
| 175204.44 | ચાલુ અંકિત ખાતાઓ | | 1900000.00 HDFC FDR |
| 75050.00 | ડિપોઝીટ ખાતું | | 900000.00 દેના બેંક મુંબઈ FDR |
| 2179495.44 | દેરાસરજી ખાતું | | 716900.00 દેના બેંક કોઠારા FDR |
| | 2173696.11 ગઈ સાલની બાકી | | 600000.00 ગૃહ ફાયનાન્સ FDR |
| | 5799.33 ચાલુ વર્ષે વધારો | 7170.00 | ડિપોઝીટ ખાતું |
| 2451126.37 | સાધારણ ખાતું | 5394.00 | TDS રિફંડ ખાતું |
| | 2333466.37 ગઈ સાલની બાકી | 725893.72 | બેંક તથા રોકડ પુરાંત |
| | 117660.00 ચાલુ વર્ષે વધારો | | |
| **11451603.72** | **કુલ્લ** | **11451603.72** | **કુલ્લ** |

**દેરાસરજી આવક–જાવક તા. ૩૧.૦૩.૨૦૧૨**

| રૂપિયા | આવક | રૂપિયા | જાવક |
|---|---|---|---|
| 6550.00 | મકાન ભાડા આવક | 159520.00 | પગાર + બોનસ |
| 3385.00 | દાન આવક | 43195.00 | ધાર્મિક ખર્ચ |
| 145737.00 | ભંડાર ઉપજ | 14653.00 | પરચુરણ ખર્ચ |
| 1949.00 | આંગી આવક | 9157.00 | વહીવટ ખર્ચ |
| 2763.50 | કેસર પાણી આવક | 2500.00 | રાચરચીલા મરામત |
| 1485.00 | મોટી પુજા આવક | 45379.00 | ઘસારો |
| 443.00 | શાંતિ કળશ આવક | 2010.00 | ગ્રામ પંચાયત ટેક્ષ |
| 2215.00 | સ્નાત્ર પુજા આવક | 356548.00 | દેરાસરજી જીર્ણોદ્ધાર ખર્ચ ખાતે |
| 329751.50 | ઘી બોલી આવક | 5799.33 | વધારો સરવૈયા ખાતે |
| 144482.33 | વ્યાજની આવક | | |
| **638761.33** | **કુલ્લ** | **638761.33** | **કુલ્લ** |

.....1

| સાધારણ આવક – જાવક તા. ૩૧.૦૩.૨૦૧૨ | | | |
|---|---|---|---|
| રૂપિયા | આવક | રૂપિયા | જાવક |
| 300985.00 | દાન આવક | 332870.00 | પગાર + બોનસ |
| 7140.00 | મકાન ભાડા આવક | 36784.00 | ધાર્મિક ખર્ચ |
| 233378.00 | અતિથીગૃહ આવક | 30064.00 | વહીવટ ખર્ચ |
| 135682.00 | ઘી બોલી આવક | 13790.00 | ઓડિટ તથા ઈન્કમટેક્ષ ફી |
| 91306.00 | વ્યાજની આવક | 12872.00 | ચેરીટી ફાળો |
| | | 40273.00 | મરામત અને નિભાવ |
| | | 12840.00 | અન્ય ધર્માદા ખર્ચ |
| | | 164918.00 | અતિથીગૃહ રનીંગ ખર્ચ (પગાર સહિત) |
| | | 6420.00 | ગ્રામ પંચાયત ટેક્ષ |
| | | 117660.00 | વધારો સરવૈયા ખાતે |
| **768491.00** | **કુલ્લ** | **768491.00** | **કુલ્લ** |

## શ્રી કોઠારા કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ (ટ્રસ્ટ નં.: એ-૯૯૮–કચ્છ)

### બેલેન્સ શીટ તા. ૩૧-૦૩-૨૦૧૨

| રૂપિયા | ફંડ જવાબદારીઓ | રૂપિયા | મિલ્કત - લેણું |
|---|---|---|---|
| 321403.47 | ટ્રસ્ટ ફંડ | 1325954.00 | સ્થાવર મિલ્કતો |
| 824626.00 | દુકાન મકાન ભાડા ડિપોઝીટ | 156768.00 | ફર્નિચર, ફીક્ચર તથા ડેડસ્ટોક |
| 2190132.76 | કાયમી અંકિત ફંડો | 4000000.00 | રોકાણો |
| 116014.10 | ચાલુ અંકિત ખાતાઓ | | 2700000.00 HDFC FDR |
| 651352.00 | શૈક્ષણિક સહાય ખાતું | | 700000.00 સરદાર સરોવર FDR |
| | 583906.00 ગઈ સાલની બાકી | | 400000.00 દેના બેં–મુંબઈ FDR |
| | 67446.00 ચાલુ વર્ષે વધારો | | 200000.00 દેના બેંક-કોઠારા FDR |
| 429127.50 | ભોજનાશાળા ખાતું | 16940.00 | ભોજનશાળા માલ સ્ટોક |
| | 338675.50 ગઈ સાલની બાકી | 41454.00 | TDS રિફંડ ખાતું |
| | 90452.00 ચાલુ વર્ષે વધારો | 10298.00 | ડિપોઝીટ ખાતું |
| 1423100.35 | મહાજન ખાતું | 404342.18 | રોકડ તથા બેંક બેલેન્સ |
| | 1427323.02 ગઈ સાલની બાકી | | |
| | 4222.00 ચાલુ વર્ષે ઘટાડો | | |
| **5955756.18** | **કુલ્લ** | **5955756.18** | **કુલ્લ** |

| મહાજન આવક–જાવક તા. ૩૧.૦૩.૨૦૧૨ | | | |
|---|---|---|---|
| રૂપિયા | આવક | રૂપિયા | જાવક |
| 230840.00 | મકાન, દુકાન ભાડા આવક | 29825.00 | વહીવટ ખર્ચ |
| 701.00 | રોકડ દાન આવક | 117560.00 | મરામત અને નિભાવ |
| 2726.00 | વાસણ ભાડા આવક | 11971.00 | ધાર્મિક ખર્ચ |
| 114871.33 | વ્યાજની આવક | 13790.00 | ઓડિટ તથા ઈન્કમટેક્ષ ફી |
| 349138.33 | | 5393.00 | ચેરીટી ફાળો |
| 4222.67 | ઘટાડો સરવૈયા ખાતે | 7920.00 | ગ્રામ પંચાયત ટેક્ષ |
| | | 2362.00 | પરચુરણ ખર્ચ |
| | | 164540.00 | ઘસારો |
| **353361.00** | **કુલ્લ** | **353361.00** | **કુલ્લ** |

.....2

| ભોજનશાળા આવક – જાવક તા. ૩૧.૦૩.૨૦૧૨ | | | |
|---|---|---|---|
| **રૂપિયા** | **આવક** | **રૂપિયા** | **જાવક** |
| 426033.00 | ભોજનશાળા દાન | 469473.00 | ભોજનશાળા ખર્ચ |
| 4100.00 | પરચુરણ આવક | 90452.00 | વધારો, સરવૈયા ખાતે |
| 129892.00 | વ્યાજની આવક | | |
| **560025.00** | **કુલ્લ** | **560025.00** | **કુલ્લ** |

| શૈક્ષણિક સહાય આવક–જાવક તા. ૩૧.૦૩.૨૦૧૨ | | | |
|---|---|---|---|
| **રૂપિયા** | **આવક** | **રૂપિયા** | **જાવક** |
| 196222.00 | દાન આવક | 146950.00 | શૈક્ષણિક સહાય |
| 18174.00 | વ્યાજની ફાળવણી | 67446.00 | વધારો, સરવૈયા ખાતે |
| **214396.00** | **કુલ્લ** | **214396.00** | **કુલ્લ** |

## શ્રી કોઠારા પાંજરાપોળ ટ્રસ્ટ (ટ્રસ્ટ નં.: ઈ-૨૫૬-કચ્છ)

### બેલેન્સ શીટ તા. ૩૧-૦૩-૨૦૧૨

| રૂપિયા | ફંડ જવાબદારીઓ | રૂપિયા | મિલ્કત - લેણું |
|---|---|---|---|
| 174698.37 | ટ્રસ્ટ ફંડ | 674466.00 | સ્થાવર મિલ્કતો |
| 3858849.00 | કાયમી અંકિત ફંડો | 52456.00 | ફર્નિચર, ફીક્ચર તથા ડેડસ્ટોક |
| 35000.00 | દુકાન ભાડા ડિપોઝીટ | 5600000.00 | રોકાણો HDFC, સરદાર સરોવર FDR |
| 3872648.39 | આવક-જાવક ખાતું | 480.00 | ડિપોઝીટ ખાતું |
| | 3645097.39 ગઈ સાલની બાકી | 972000.00 | પાંજરાપોળ બંધ સ્ટોક ઘાસચારો તથા ખાણદાણ |
| | 227556.00 ચાલુ વર્ષે વધારો | 74265.00 | TDS રિફંડ ખાતું |
| | | 567528.76 | રોકડ તથા બેંક બેલેન્સ |
| **7941195.76** | **કુલ્લ** | **7941195.76** | **કુલ્લ** |

| આવક–જાવક તા. ૩૧.૦૩.૨૦૧૨ | | | |
|---|---|---|---|
| **રૂપિયા** | **આવક** | **રૂપિયા** | **જાવક** |
| 1089054.00 | રોકડ દાન આવક | 34162.00 | વહીવટ ખર્ચ |
| 86900.00 | વસ્તુ દાન આવક | 27125.00 | અન્ય ધર્માદા ખર્ચ |
| 424727.00 | વ્યાજ આવક | 1658509.00 | પાંજરાપોળ રનીંગ ખર્ચ (પગાર સહિત) |
| 83780.00 | દુકાન ભાડા આવક | 13790.00 | ઓડિટ તથા ઈન્કમટેક્ષ ફી |
| 3600.00 | જાનવર વેંચાણ | 15511.00 | ચેરીટી ફાળો |
| 68500.00 | ખાતર વેંચાણ | 770.00 | રાચરચીલા મરામત |
| 223297.00 | દુધ વેંચાણ | 2987.00 | ગ્રામ પંચાયત ટેક્ષ |
| 8465.00 | જીવદયા પેટીમાંથી નીકળેલી રકમ | 6750.00 | વીમા પ્રિમીયમ |
| 9250.00 | પાડાની ફી | 4590.00 | ખેતીવાડી ખર્ચ |
| | | 5828.00 | ઘસારો |
| | | 1770022.00 | |
| | | 227551.00 | વધારો, સરવૈયા ખાતે |
| **1997573.00** | **કુલ્લ** | **1997573.00** | **કુલ્લ** |

.....3

**લિ. ટ્રસ્ટીઓ**

**હિસાબો બાબત કાંઈપણ જાણકારી જોઈતી હોય તો તેઓએ તા. ૩-૦૮-૨૦૧૨ સુધીમાં લેખીતમાં કોઠારા ઓફીસે જણાવવું.**

**તાક: શ્રી કોઠારા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રીની એક જનરલ સભા રવિવાર તા. ૫-૮-૨૦૧૨ ના બપોરના ૪.૩૦ ક. ગુરુકુલ હાયસ્કૂલ, તિલક રોડ, ઘાટકોપર (ઈ.) મધે રાખેલ છે. સરક્યુલર સર્વે ગામવાસિયોને પોસ્ટ કરેલ છે.**

## ૮૨ વર્ષે પણ ગીત-સંગીતના રસિયા
## શ્રી ત્રીકમજી ઠાકરશી ધરમશી (કોઠારા-બેલ્લારી)

મને સંગીતમાં બહુજ રૂચિ છે. અને ગાવામાં પણ રૂચિ છે. હું હારમોનીયમ (પેટીવાજો) વગાડું છું અને દાંતીયા પર પેપર રાખી શહનાઈ જેવું મધુર ગાયન વગાડી શકું છું. કોઈપણ ગીત હોય, કોઈ પણ ભાષામાં હોય હું વગાડી શકું છે. મહારાષ્ટ્રમાં વિદર્ભ-ખામગામમાં મારો જન્મ ૨૮-૭-૧૯૩૦ થયેલ અને મેં મરાઠીમાં મેટ્રીક પુરી કરી ત્યાં સંગીતનો મારો શોખ ચાલુ થયો જે દાંતીયા તરંગની આઈટમ "સુરભિ" DD1માં ટીવી પર ૨-૭-૨૦૦૦માં આવેલ. મારૂં બાળપણ ખામગામમાં તે પછી રાયચુર-બેલ્લારી ત્યાં પણ શાસ્ત્રીય સંગીતમાં રૂચિ-રસ ધરાવું છું. અમારૂં કામકાજ બચપણથી જ કપાસનું હતું ફીલ્મી ગીતો, ભજનો, સુગમસંગીત બધામાં શોખ છે. મેં નરશી નાથાના મેડીકલ ટ્રસ્ટના તા.૨૦-૫-૧૨ના યોજોયલ કાર્યક્રમમાં ભાગ લીધેલ. તેમાં ઓડીશનમાં ૪થા નંબરે હતો. મેં ગુજરાતી ગીત "અવતાર માનવીનો" (સ્તવન) ગાયું હતું. એ કાર્યક્રમ બહુ જ સફલ રહ્યો હતો. જ્ઞાતિના કલાકાર શ્રી જયંતીભાઈ ગોસર અને શ્રી મનીષ ડાગા અને શ્રી વૈભવ મોતા આ ત્રણેની ત્રિપુટીએ રંગ રાખેલ. તેમાં નવા ઉભરતા કલાકારો હતા. આનંદ થયો. મેં સાતેક બાળકોને ગુજરાતી સ્તવન, હીંદી ફીલ્મપર સ્તવનો કચ્છી ગીતો, કન્નડ ગીતો, સ્વર માલીકા સાથે વગાડવાનું શીખાવેલ છે. મુંબઈ મહાજનમાં શીર્ષક ગીત "કે ડી ઓ, કચ્છી દશા પાં ત કેડીઓ, અસીં કેડીઓ (જે શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટે પણ ઉપયોગમાં લીધેલ.) તેના ગીતકાર કોણ ભાગ્યશાળી છે તે જાણવું છે. ગીત બહુજ સમજપૂર્વક ભાવથી લખેલ છે. થોડો ફેરફાર, ગીતરાગના તાલપર શબ્દોમાં થોડા ફેરફારો છે. દરગુજર કરશો. મિચ્છામીદુક્કડમ્ કોઈને પણ સ્વરમાલીકામાં કાંઈ પુછવું હોય બીજા ગુજરાતી, હીંદી, કચ્છી સ્તવનોની સ્વરમાલીકા નોટેશન જોઈતા હોય તો મને (08392-261130 મો.09712900604) ઉપર નિ:સંકોચ સંપર્ક સાધવામાં આવશે તો મારા અનુભવનો લાભ આપીશ.

(નોંધ : મુંબઈ મહાજનશ્રી યોજીત સંગીત કાર્યક્રમના અનુસંધાનમાં આવેલ પ્રતિભાવ.)

*આ રીતે અન્ય કોઈ વિષયે પણ કલાકારો પોતાનો પરિચય આપશે તો જરૂર તેની નોંધ લઈને જ્ઞાતિને જાણકારી માટે પ્રકાશિત કરવામાં આવશે.*

॥ શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ ॥

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલિયા

### વાર્ષિક સામાન્ય સભાની જાહેરખબર

તા.૨૦-૭-૨૦૧૨

સર્વે નલિયાવાસી તથા નલિયા ગામના વાડા છાદુરા, રામપર, સુખપર, વડસરના ભાઈઓ અને બહેનો...

મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા **રવિવાર તા.૧૯-૮-૨૦૧૨** રાતના ૯ વાગે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ કાર્યવાહી હાથ ધરાશે.

૧. ગત મીનીટસ્‌નું વાંચન અને બહાલી

૨. મહાજનશ્રીનો વાર્ષિક અહેવાલ

૩. વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન અને બહાલી.

૪. આવેલ પત્રોનું વાંચન

૫. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

લિ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલિયા**

॥ જીવદયા પરમો ધર્મ ॥

## શ્રી નલિયા પાંજરાપોળ ગૌશાલા ચરીટેબલ ટ્રસ્ટ

### વાર્ષિક સામાન્ય સભા

તા.૨૦-૭-૨૦૧૨

સર્વે નલિયાવાસીઓ અને તેના ગામના વાડાના ભાઈઓ અને બહેનો

પાંજરાપોળ ટ્રસ્ટની વાર્ષિક સામાન્યસભા **રવિવારના તા.૧૯-૮-૨૦૧૨** રાતના ૮.૧૫ વાગ્યે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ કાર્યવાહી રહેશે.

**~ કાર્યસુચિ ~**

૧. ગત બેઠકનુ વાંચન અને બહાલી આપવી.

૨. પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ.

૩. વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના વાર્ષિક ઓડીટેડ હિસાબોનું વાંચન અને બહાલી.

૪. આવેલ પત્રોનું વાંચન

૫. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

**ટ્રસ્ટીગણ**

**નલિયા પાંજરાપોળ ગૌશાલા ચેરીટેબલ ટ્રસ્ટ**

|| શ્રી આદિ અનંતનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO
દશાઓની નવી દિશા




# SMS

**મુંબઈ મહાજન દ્વારા SMS સેવા સાથે જોડાયેલા સર્વે જ્ઞાતિજનો,**
**'ટ્રાઈ' દ્વારા અમલમાં આવેલા નવા કાયદા મુજબ**
**'મહાજન'ની આ સેવા ફરીથી આપને Regular પહોંચતી થશે.**
**૬૦૦૦ છ હજાર થી વધુ જ્ઞાતિજનોને એક બીજા સાથે જોડતી**
**મુંબઈ મહાજનશ્રીની એકમેવ SMS સેવામાં આપ પણ**
**આજથી જોડાઈ જાઓ....**

---




મહાજનની SMS સેવાનો લાભ લેવા ઈચ્છતા નવા મેમ્બરોએ મો. ૯૨૨૦૦ ૯૨૨૦૦ ઉપર JOIN KDOS (કેપીટલમાં) લખવું SMS કરતાં આપ આ સેવાનો લાભ લઈ શકશો.

---

## SMS માટે નવા સુધારેલા દર

**પ્રાર્થના તથા સંસ્થાકીય SMS ૧૫૦ શબ્દ = ૧ SMS ના ₹ ૫૦૦/-**
**ધંધાકિય તથા અન્ય SMS ₹ ૧૨૦૦/-**

## IT Committee

કન્વીનર : અમિત વિનોદ ધુલ્લા - ૦૯૯૩૦૯ ૨૨૩૬૬
જયેશ વિજય મોમાયા - ૦૯૮૨૦૫ ૫૩૧૨૩

મેમ્બર : ભાવીન જયંત સોની, કલ્પેશ નીરંજન મોમાયા, પૌલોમી યોગેશ ધરમશી, જતીન તરૂણ ધરમશી, બેલા ચીમન મોતા, સમીર શામજી દંડ

## સાભાર-સ્વીકાર : "કચ્છ ઉમંગ"

કચ્છીઓનું માસિક સામાયિક "કચ્છ ઉમંગ"નું જુલાઈ ૧૨ અંક મળેલ છે. જેમાં કચ્છના સમાચારો ઉપરાંત કચ્છી પ્રતિભાઓના વ્યક્તિવિશેષ પરિચય અપાયા છે. કચ્છના રાજકીય અગ્રણી અને વર્તમાનમાં પૂ. ગચ્છાધિપતિશ્રીના ચાતુર્માસ સેવાના લાભાર્થી શ્રી તારાચંદ જે. છેડાના પરિચય, જન્મદિન શુભેચ્છાઓ, નવકાર મંત્ર પુજન, મહાજનનું મામેરૂં લગ્નોત્સવનો અહેવાલ, શ્રી પ્રબોધ મુનવરની સામાજિક પ્રવૃતિની નોંધ, વિવિધ સ્થળે ચાતુર્માસ આરાધનાના લાભ, જૈન પ્રવૃતિ સમાચાર આદિ અપાયા છે. કચ્છી સમાજ માટે આ સામાજિક સેતુરૂપ બનશે.

## સાભાર-સ્વીકાર : "વનાડો" - કવિ તેજ

કવિ તેજનું ૩૧મુ પુસ્તક "વનાડો" પ્રકાશક : શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેમ્બુર) એક જાજરમાન કાવ્યસંગ્રહ છે. આ પુસ્તકની પ્રસ્તાવના શ્રી સોમ ધરમશીએ લખી છે. જેમાં કવિ તેજના વિવિધ કાવ્યરસનો રસાસ્વાદ ઉલ્લેખી "તેજ" સાથેના સંબંધ સંભારણાં તાજા કર્યા છે. કવિના હૃદય ઉદગાર "સમજણ વડી સાધના ભાકી મડે તુત, જાગેં સે જોગી તેજ, સુતા વેં સે ભુત" જે હૃદય મર્મ સ્પર્શી છે.

આ સંગ્રહમાં માનવીય વ્યવહારિક સંબંધો, અધ્યાત્મ રસ અને કવિ તેજને મળેલ કચ્છના વિવિધ સંસ્થાકીય સન્માનપત્રોની રંગીન તસ્વીરો છે. "વનાડો" કાવ્યસંગ્રહ નામ મુજબ મીઠાઈ (સુખડી)ની શુકનવંતી સોગાદ છે. પોતાને મળેલ માન-સન્માન અને લોકચાહનાને પ્રજા વતી મળેલ "વનાડો" અનુભવતા કવિ તેજનું આ સંગ્રહ કચ્છી જનતા માટે લોકપ્રિય નઝરાણાનું એક અણમોલ મોતી છે. જેનું વિમોચન સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનના તા.૧૫-૭-૧૨નાં મુંબઈમાં કાર્યક્રમમાં થયું અને પુરસ્કૃત કલાપ્રેમી શ્રી કિરીટ લાપસીયાને અર્પણ થયું. કવિશ્રીને અભિનંદન.

## ભુલ-સુધાર

અંક નં.૨૮માં પાસ થયા અભિનંદનમાં જય સંજય ડાઘા (ગોરેગામ) એ ICSEની પરીક્ષા ૭૧% સાથે ઉત્તીર્ણ કરી છે તે મુજબ વાંચવું.

અંક નં.૨૯માં સ્વ. રાયચંદ જીવરાજ માલદેને કુટુંબીજનો તરફથી અપાયેલ શ્રધ્ધાંજલિની જાહેરાતમાં તેમની મૃત્યુતિથિ **૨૬-૭-૨૦૧૧** વાંચવી તેમજ દોહિત્રીનું નામ અદિતિ વાંચવું.

## સાભાર સ્વીકાર :

### "કલ્યાણ સુર સંગમ" (પખાવાજ ગીત સંગ્રહ)

લહેરચંદ મૈશેરી (લાલા)એ પખાવાજ વિષે રસપ્રદ લેખ લખ્યો એ સાથે ઝાંઝપખા રસીયાઓના સ્મરણપટ પર જ્ઞાતિ વડીલોના ભક્તિ સંગીત સંસ્કાર તાજા થયાં. ગામે ગામના એ ઝાંઝપખા રસીયાઓના ભૂતકાળના મીઠા સંસ્મરણોને ધબકતા રાખવા શ્રી વડોદરા ક.દ.ઓ. જૈન સમાજના પીઠબળે શ્રી શાંતિલાલ કલ્યાણજી લોડાયાએ (તેરા) **કલ્યાણ સૂર સંગમ** પુસ્તકમાં સંકલન કરી મુદ્રીત કર્યું. ભૂલાઈ ગયેલા એ ગીતો જેવા કે "ચંદ્રા પ્રભુજી સેં ધ્યાન, શી ગતી થાશે અમારી, મુજરો રે હરિ, સોવે સોવે સારી" વગેરે વાંચતા ભીતર ભીનું થયું. સાથે ઝાંઝપખાના બે તાલે ત્રણ તાલે તેમજ લોકઢાળના રાસ ગરબાના લય, તાલ અને ઢાળે ઢળેલા ભાવસભર ૧૪૯ ગીતોનો રસથાળ વીણીને પુસ્તકને ગુલશન બનાવ્યું છે. પખાવાજના ૫૧ અને જિનભક્તિના ૯૮ ગીતોના સંકલન માટે પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીજી અને પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરી મ.સા., પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.ના શુભેચ્છાસહ આશિર્વાદ ગુલદસ્તો અર્પ્યો. કવિ તેજ, ચંદ્રકાંત ખોના, કવિ લહેરચંદ મૈશેરી તથા કમલેશ નાગડાની ગુલછડી પ્રાપ્ત થઈ છે એ આ પુસ્તકની ગરીમા છે. સંગીત રસીયા પખાવાજના પ્રેમીઓ માટે આ પુસ્તક અમુલ્ય છે. સંગીતપ્રેમી પખાવાજ જ્ઞાતિ કલાકારોને આ શ્રદ્ધા સભર સ્મરણાંજલી છે.

આ આકર્ષક મુખપૃષ્ઠે આપણી પંચતીર્થીના જિનાલયો સહ વડોદરાના વિમલનાથનું ચિત્ર ભાવવાહી છે. સુંદર છપાઈ, ટકાઉ પાના અને પાને પાને સુવાકયોથી પુસ્તક દળદાર બન્યું છે. આ પુસ્તક પખાવાજકલા સહ ગાયકો માટે અણમોલ નઝરાણું છે. સંપાદક અને જહેમત લેનાર ટીમને અભિનંદન.. વીસરાતી જતી દશાઈ પરંપરાની વિરાસતમાં આ એક સ્તુત્ય-અનુમોદનીય પગલું છે. પ્રાપ્તિસ્થાન : શ્રી શાંતિલાલ કલ્યાણજી લોડાયા-કલ્યાણ, ઈ/૯ સુશીલ સોસાયટી, હરણી રોડ-વડોદરા 98240112971, લહેરચંદ વી. મૈશેરી-એ-૨, અનંતસિધ્ધિ, LBS માર્ગ, ભાંડુપ (વે), મુંબઈ ફોન 9146465151, અનિલ વી. સાંયા શાંતિ બંગલો, પ્લોટ ૯, ફોન 9825050829.


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ

૧૭, ભેદાભુવન, ૨૨ જેઠાભાઈ લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭.

**આયોજીત ગુજરાતી નાટક**




**સંઘના મેમ્બરો માટે ફ્રી**

**નોન-મેમ્બર માટે માત્ર ₹૨૫/-**

**કાર્યક્રમ : રવિવાર તા.૧૨ ઓગસ્ટ,૧૨**

**સમય સાંજે ૮.૦૦ વાગ્યાથી...**

**કાર્યક્રમ સ્થળ : કાલિદાસ નાટ્યમંદિર, પી.કે. રોડ, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઈ-૮૦.**

**નાટકના પ્રવેશ પાસ વહેલો તે પહેલોના ધોરણે મળશે.**

**પાસ માટે સંપર્ક**

| | | |
|---|---|---|
| મસ્જિદબંદર : | ધવલ ધરમશી | ૯૧૪૬૮ ૭૫૬૧૬ |
| વડાલા : | તેજીની મોતા | ૯૮૧૯૭ ૮૮૦૮૦ |
| ચેમ્બુર : | ઉતીન ધરમશી | ૯૭૬૮૬ ૮૨૬૨૩ |
| મુલુંડ (ઈ) : | સિધ્ધાર્થ ખોના | ૭૬૬૯૦ ૫૪૦૨૨ |
| ઘાટકોપર : | લીનાબેન લોડાયા | ૯૭૬૯૪ ૧૧૦૧૦ |
| કાંજૂરમાર્ગ : | નીલીમાબેન લોડાયા | ૯૧૬૭૧ ૧૫૯૫૧ |
| ભાંડુપ : | અર્પણ ખોના | ૭૨૦૮૫ ૧૨૪૯૭ |
| | સાગર ધુલ્લા | ૮૨૯૧૭ ૬૯૬૭૫ |
| મુલુંડ (વે) : | મોનિકા નાગડા | ૯૭૭૩૪ ૯૦૬૨૦ |
| | રાહુલ નાગડા | ૯૦૨૯૪ ૬૦૪૬૪ |
| થાણા : | ઉર્બી લોડાયા | ૯૭૬૯૨ ૧૯૯૧૭ |
| ડોંબિવલી (વે) : | દર્શના છેડા | ૯૯૨૦૫ ૩૯૫૪૯ |
| ડોંબિવલી (ઈ) : | માસુમી સાયલા | ૯૧૬૭૯ ૩૭૧૬૭ |
| કોપર : | રાકેશ મૈશેરી | ૯૧૬૭૬ ૫૮૩૫૮ |
| કલ્યાણ : | નીલીમા મુનવર | ૯૯૩૦૨ ૬૧૩૫૯ |
| મલાડ : | હિરેન ધુલ્લા | ૯૮૧૯૭ ૪૨૧૪૪ |
| અંધેરી : | કપીલ બોરિચા | ૯૦૨૨૨ ૨૭૨૨૧ |
| વાશી (નવી મુંબઈ) : | દિવેશ લોડાયા | ૯૮૬૯૦ ૦૨૯૪૬ |
| અંબરનાથ : | દિપક લાપસીયા | ૯૭૦૨૧ ૧૩૦૦૪ |




## MATHEMATICS : TO LIKE OR NOT TO LIKE

Seminars are being organised, festivals are being arranged and the subject is shining with full glory. Ever since Prime Minister Dr Manmohan Singh announced 2012 as the National Year of Mathematics, anyone who has anything to do with the subject is rejoicing. What about our regular students though? Have they found it in themselves to like the subject any better?

"I remember secretly forming the 'I Hate Maths Club' in class nine to express my frustrations over math. There are three other members, all of whom hated maths equally. Maths can be very useful, until you learn that f(x) does nothing for you. Now, don't get us wrong, we understand that math is a part of everyday life. But it gets ridiculous when you have to divide polynomials and find the measure of a hypotenuse. I mean, who really cares about how to factor a polynomial? "Will I be doing this in the future?" you ask yourself. Most likely, no. Then why is it compulsory in school? I remember that the board had offered students the option of skipping math, but our school would not, terming it as an essential subject. I do not understand why parents too force it upon us? So, if I found myself sitting at home, slaving over math homework I would blame the system!"

***- Rohan Mahajan*** (TYBCom student)

"I absolutely adore mathematics, but there is a catch. Call me selective, but I like the algebra, geometry and arithmetic that I learnt in school in ICSE. I am not so sure I enjoy calculus or trigonometry as much. But I am sure that it has a lot to do with my teacher. My math's teacher N K Nandkumar was a fun person and he taught in the simplest of terms. He was adept enough to deal with the intelligent students who loved the subject and the average ones who did not care about it. He had this ability to make everything interesting - either with sparking a debate that boys are more intelligent than girls (because he taught in a girl's school) or to jazz it up with stories about potatoes - a vegetable that he said he could not eat and really loved. It was the most wonderful time of my student life learning maths."

***-Sarika Talwar*** (FYJC student)

"I remember having this contest with the school topper, the math genius when our first exam results were announced in class 10. We were all walking down to the library to get our papers, and she was sweating, fearing she might not score over ninety per cent. I was jittery because I was afraid 1 would not pass. When I told her that, she said, "I bet you will pass." I bet her that she will score over 90, but it is doubtful that I will pass, and then we bet each other an ice cream. What touched me the most was that just before the papers were distributed, she turned to me and said, "I wish I win the bet, Dwiti." Her winning the bet meant that I passed. She was like that, she wanted to score well, but she also wanted others to score well. Unfortunately in that exam, I failed by a large margin, where as she scared 91, but her words stayed with me, encouraging me to work hard for the rest of the year and getting a decent 56 marks in the final exam. I have never loved the subject, but her love of the subject got even an average student like me through the final exam. I can never forget that."

***-Dwiti Naik*** (MBBS student)

"I was not very fast at solving maths problems, but I was hard working. The only unfortunate part was that I was too hasty with everything I did in school. Once, the teacher paired me with the class topper for a term-end exam, and she coached me through the various types of problems. She was really helpful, despite me going for extra tuitions. She was patient, helped me work around my dilemmas, and showed me tricks to remember typical solutions to typical problems. She explained things to me at my level, which my tuition teacher could never achieve. That exam, I approached the question paper with much more confidence than usual. When I got my result, I was aghast to see the first question on it was incorrect, not because I did not know the method, but because I multiplied wrong! And that is all that I got wrong. The rest was all correct! I missed my first shot at scoring full marks (which is a big. deal when you are in school) due to my own foolishness.

***Pratima Nayak*** (SYBA student)


**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મોટી સિંધોડી**

**પર્યુષણ મહાપર્વ આરાધનાર્થે આમંત્રણ**

આદરણીય ગામવાસીઓ અને નિયાણી બહેનો સહપરિવાર જોગ, પ.પૂ. ગુરૂ ભગવંતોના આશિર્વાદથી આપણાં ગામમા પર્યુષણ પર્વની આરાધના કરવા માટે તા. ૧૪/૦૮/૨૦૧૨ થી ૨૨/૦૮/૨૦૧૨ સુધીની સંપૂર્ણ વ્યવસ્થા સંઘ તરફથી કરવામાં આવશે.

પર્યુષણ દરમ્યાન દરરોજના સાધર્મિક ભક્તિનો સંપૂર્ણ દિવસનો નકરો રૂા. ૫,૦૦૦/- રાખવામાં આવેલ છે.

દેરાસરમાં સાધારણ, સ્વપ્ન તથા અન્ય રીતે આપ આપનો ફાળો લખાવી ગામ તથા આપણા જીનાલય પ્રત્યે આપનું ઋણ અદા કરી શકો છો. અમુક નામો આવી ગયા છે.

મુંબઈ ખાતે સ્વામીવાત્સલ્યનું આયોજન લગભગ ૧૪ ઓક્ટોબર, ૨૦૧૨ ના નક્કી કરેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા. ૧,૦૦,૦૦૦/- જેટલો છે. તો ઉદાર હાથે ફાળો લખાવવા નમ્ર વિનંતી. આપ આપણા બાળકોના શૈક્ષણિક પરિણામો, પર્યુષણ દરમ્યાન ૮ ઉપવાસ કે તેથી વધુ આરાધના ના તપસ્વીઓના નામ નોંધાવવા સંપર્ક કરવો.

શ્રી હરિશ મોમાયા - ૦૯૮૨૦૨ ૮૫૭૮૧
શ્રી તિલક લોડાયા - ૦૯૯૩૦૯ ૮૨૦૬૧
શ્રી ભરત લોડાયા - ૦૯૮૨૦૭ ૫૦૪૦૮
શ્રી વિશાલ શાહ - ૦૯૯૩૦૨ ૬૩૦૩૬
શ્રી લહેરચંદ મૈશેરી - ૦૯૯૧૩૨૮૬૯૨૭

શ્રી હેમાંગ લાલજી લોડાયાની મહાજનના માનદ્‌મંત્રી તથા શ્રી વિશાલ શાહની સંઘના કો-ઓર્ડિનેટર તરીકે નિમણુંક કરવામાં આવી છે.

**SMS માટે વિશાલ શાહ - 099302 63036 નો સંપર્ક કરો.**



"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**સેલથી પણ સસ્તું....**
**કારીગરની સેમ્પલની સાડીઓ**
**અડધા ભાવે.. "મહાવીર" માટુંગામાં...**

- પારસી હેન્ડવર્ક, મશીન વર્કની સાડીઓમાં નવો સ્ટોક
- રીયલ, ટેસ્ટેડ જરીની સાડી, ચણીયા ચોળીમાં અનેક વેરાયટી
- કસબ, બટ કસબની સાડી, બોર્ડરમાં નવી ડીઝાઈનો.
- લગ્ન તથા શુભ પ્રસંગને અનુરૂપ "Designer" સાડીઓ.

તમારી જુની સાડી, ચણીયા ચોળી, સેલા, ઓલ્ટ્રેશન કરી "Designer Look" બનાવી આપશું.

પ્લેન પોત તથા બાંધણી માટે "Fancy" બોર્ડર.

**ફક્ત સાચી જુની જરીની સાડીઓ, ચણીયા ચોળી, ઘરચોળા, બોર્ડર, સેલા સારાભાવે વેચાતા લઈશું.**

**મહાવીર'સ એમ્બ્રોઈડરી**

મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, ભંડારકર રોડ, માટુંગા, સે.રેલ્વે.
ફોન : 2402 5070 / 6504 6030 / 86522 39537
(SUNDAY CLOSED)

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા



॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO GRUHA UDHYOG

KDO

**માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ**
દ્વારા

**રક્ષાબંધન સ્પેશ્યલ કાજુકતરી**

**૨૫૦ ગ્રામ તથા ૫૦૦ ગ્રામની ગીફ્ટ પેકીંગમાં ઉપલબ્ધ**

: વેચાણ કેન્દ્ર :

| | |
|---|---|
| મસ્જીદબંદર | : 2378 0447 |
| અનંતછાયા ઘાટકોપર | : 2506 9099 |
| ભાંડુપ અનંતસિદ્ધિ | : 2595 5893 |
| ડોંબીવલી | : 0251-2483821 |

: વધુ વિગત માટે :
રાયચંદ શીવજી લોડાયા - 98211 31206

श्री अचलगच्छाधिपति श्रीमद जिनेन्द्रसागरसूरीश्वरजी

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડીંગ)

ચાલીસગામ રોડ, ધુલિયા-૪૨૪૦૦૧ (મહારાષ્ટ્ર) ફોન : (૦૨૫૬૨) ૬૯૯૮૯૯

તા. ૧૩.૭.૨૦૧૨

## ... કારોબારી કમેટીની ચૂંટણી અંગે અગત્યની જાહેરાત...

બોર્ડીંગના ધારાધોરણ મુજબ કારોબારી કમેટીના 13 સભ્યો માટેની ચુંટણી પાંચ વર્ષ માટે **(સંસ્થાકીય વર્ષ ૧.૧. ૨૦૧૩ થી ૩૧.૧૨.૨૦૧૭)** રાખવામાં આવી છે.

અગીયાર પ્રતિનિધીની ચુંટણી બોર્ડીંગના સભ્યોમાથી કરવામાં આવશે. ત્યાં બે પ્રતિનિધીની ચુંટણી **રૂ. ૧૦૦૧** થી ઉપરના સભ્યોમાંથી કરવામા આવશે.

તો જે સભાસદને ઉપરોક્ત જગ્યામાટે ઉમેદવારી કરવી હોય (ચુંટણી માટે ઉભા રહેવુ હોય ) તેઓએ નોમીનેશન ફોર્મ ભરીને છેલ્લામાં છેલ્લી તારીખ **૧૫.૦૮.૨૦૧૨** ને બુધવાર બપોરના ચાર વાગ્યા સુધી બોર્ડીંગની ઓફીસમાં મલી જાય તે મુજબ મોકલાવી આપવા વિનંતી છે.
(ચુંટણી માટે ઉમેદવારીનો અધિકાર તારીખ **૩૦.૬.૨૦૧૨** સુધી થયેલ સભ્યોનેજ રહેશે.)

**નોમીનેશન ફોર્મ મળવાની તારીખ ૧૬.૭.૨૦૧૨ થી ૦૬.૦૮.૨૦૧૨ બપોરના ૪ વાગ્યા સુધી.**
**નોમીનેશન ફોર્મ ચકાસણીની તારીખ ૧૫.૮.૨૦૧૨ ને બુધવારે.**
**પાસ (મંજૂર) થએલા ઉમેદવારી પત્રકના લીસ્ટની જાહેરાત તરીખ ૧૫.૮.૨૦૧૨ બુધવારના નોટીસ બોર્ડ ઉપર.**
**નોમિનેશન ફોર્મ પાછા ખેચવાની છેલ્લી તરીખ ૨૫.૦૮.૨૦૧૨ શનિવાર બપોરના ૪ વાગ્યાસુધી.**
**ચુટણીની તારીખ ૧૬.૦૯.૨૦૧૨ રવીવાર સમય – સવારના ૯ થી ૫ રેહશે.**

નોમીનેશન ફોર્મ મળવાનુ
તથા
મતદાનનું સ્થળ

શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ જીનેંદ્રસાગરસૂરીશ્વરજી
શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી ગૃહ (બોર્ડીંગ)
ચાલીસગાંમ રોડ, ધુલિયા - ૪૨૪૦૦૧. (મહારાષ્ટ્ર)
ફો.ન. (૦૨૫૬૨) ૬૯૯૮૯૯ , ૨૩૪૯૭૦

ટીપ : ૧) મતદાન મતદાર પોતે સમક્ષ ઉપર જણાવેલા સમયમાં બોર્ડીંગના મકાનમાં મત આપી શકશે. અગર જેમને મત ટપાલદ્વારા મોકલવો હોય તેમણે મતપત્રિકા શનિવાર તા. ૧૫.૯.૨૦૧૨ ના સાંજના ૫ વાગ્યા સુધી બોર્ડીંગમા મલી જાય તેમ મોકલવી.

૨) નોમીનેશન ફોર્મ બોર્ડીંગની ઓફિસમાં માગવાથી મલી શકશે. તેમજ ઉમેદવારના લેખીત વિનંતિથી ટપાલવ્દારા મોકલવામા આવશે.

૩) ચુંટણીમાટે નક્કી થયેલ જગ્યામાટે તેટલાજ અગર તેથી ઓછા ઉમેદવારી પત્રક જો આવશે તો તેઓ વગર ચૂંટણીથી ચુંટાઇ આવ્યાની જાહેરાત જનરલ સભામાં કરવામા આવશે

૪) ઉપરોક્ત જાહેરાત બાબત કોઈપણ જાતનો ખુલાસો જોઇતો હોય તો ચુંટણી અધિકારી માનદ મંત્રી સાથે સમ્પર્ક સાધવા વિનંતી છે.

લી.
શ્રી કેતન ઠાકરશી ગોસર. ધુલિયા
ચુંટણી પેટા સમિતીના માનદ મંત્રી.
ફોન.ન. ૯૪૨૨૨૮૮૬૧૬

લી.
શ્રી અભયચંદ ગોવિંદજી દંડ. ધુલિયા
ચુંટણી પેટા સમિતીના ચેઅરમન.

# સગપણ સેતુ

સગપણ સમસ્યા હળવી કરવા આપના સંતાનની માહિતી નીચે દર્શાવેલ ફોર્મ મુજબ જ **૨૦ કોલમ** ભરી મોકલો. પ્ર.સ. દ્વારા ચાલતો આ નિઃશુલ્ક વિભાગ યોગ્ય પાત્રની વિશાળ પસંદગી માટે સુલભ માધ્યમ છે. એવું નથી કે, સગપણ ન થતા હોય એટલે એમાં ભાગ લેવું. પણ તમારા સંતાનનો જ્ઞાતિ સમક્ષ પુરો પરિચય થાય અને આપને પસંદગીની એક સારી તક મળે એ દષ્ટિએ એમાં વિનાસંકોચે ભાગ લો. પ્રકાશિત થયેલ પરિચય ઉપરથી આપની **પસંદગીનો ક્રમાંક જણાવી** અમને આપના સંતાનનો **બાયોડેટા** મોકલો. અમે એ વિગત તે ઉમેદવારના પરિવારને જણાવીશું. પત્રવ્યવહાર માટે જરૂરી પોસ્ટેજ કવર સાથે મોકલવા વિનંતી છે. સીધે સીધી માહિતી કોઈને અપાતી નથી. (જરૂર પડ્યે આ પાનાની જેરોક્સ કરાવી લેવી.)

| ક્ર. | માહિતી પત્રક | ૪૬૩ | ૪૬૪ | ૪૬૫ | ૪૬૬ |
|---|---|---|---|---|---|
| ૧ | સ્ત્રી કે પુરૂષ | સ્ત્રી | સ્ત્રી | પુરૂષ | પુરૂષ |
| ૨ | નુખ/અટક/ઓળખ | ધરમશી | પનપારીયા | ધરમશી | ડાઘા |
| ૩ | વતન કચ્છ કે હાલાર | કચ્છ | કચ્છ | કચ્છ | હાલાર |
| ૪ | જન્મ તારીખ | ૧૦-૨-૯૦ | ૧૪-૬-૮૫ | ૧૧-૪-૮૩ | ૧૫-૪-૮૩ |
| ૫. | વય (વર્ષ) | ૨૨ | ૨૬ | ૨૯ | ૨૯ |
| ૬. | ઉંચાઈ (સે.મી.) | ૫'-૪" | ૧૬૦ cm | ૬'-૦૦ | ૫'-૮ |
| ૭. | વજન (કી. ગ્રા.) | ૬૫ | ૫૦ | ૭૫ | ૬૨ |
| ૮. | વર્ણ | ઘઉંવર્ણો | ઘઉંવર્ણો | ઘઉંવર્ણો | ગોરો |
| ૯. | શિક્ષણ / અભ્યાસ | B.Com. | B.A. | B.Com. | S.S.C. |
| ૧૦. | નોકરી / ધંધો | નોકરી | નોકરી | ધંધો | ધંધો |
| ૧૧. | હાલ ગામ | વડોદરા | અંકલેશ્વર | હુબલી | જામનગર |
| ૧૨. | ખોડખાંપણ | નથી | નથી | નથી | નથી |
| ૧૩. | માસિક આવક (રૂા.) | ૧૧,૦૦૦/- | ૭,૫૦૦/- | ૨૫,૦૦૦/- | ૧૫,૦૦૦/- |
| ૧૪. | અવર/વિ/છુટાછેડા | અવર | અવર | અવર | છુટાછેડા |
| ૧૫. | કુંડલીમાં માનો છો? | હા | હા | હા | હા |
| ૧૬. | મંગળ / શનિ છે? | નથી | નથી | નથી | નથી |
| ૧૭. | ફોટો મળશે? | હા | હા | હા | હા |
| ૧૮. | કુંડલી મળશે? | હા | હા | હા | હા |
| ૧૯. | તમારી પાત્ર અંગે પસંદગી / અપેક્ષા | સુશીલ, સંસ્કારી | સુશીલ, સંસ્કારી | સરળ સ્વભાવી | સુશીલ, સંસ્કારી |
| | | મિલનસાર | મિલનસાર | મિલનસાર | મિલનસાર |
| ૨૦ | ઉમેદવારની ખાસ વિશેષ માહિતી | કુટુંબમાં એક જ છે. સરળ સ્વભાવી | મિલનસાર | પરિવારપ્રેમી | બહારગામની ચાલે, સરળ સ્વભાવી |

**"પ્રકાશ-સમીક્ષા"**માં **સગપણ-સેતુ** વિભાગમાં આપના લગ્નોત્સુક સંતાનનો પરિચય નિશુલ્ક છપાય છે. સમગ્ર જ્ઞાતિભરમાંથી યોગ્ય પાત્રની સરળ-સહજ શોધ માટે આ માધ્યમનો લાભ લો. આપના સંતાનની અત્રે દર્શાવેલ ફોર્મ મુજબની ૨૦ મુદ્દાની માહિતી મોકલવી. તેના સંદર્ભમાં આવેલ પુછપરછ અમે પત્રથી આપને મોકલશું.

માત્ર આ વિભાગમાં ભાગ લેનારને જ માહિતી અપાશે.

સગપણ સમસ્યામાં યોગ્ય પાત્ર મેળવવા આ સૌથી સુગમ-સરળ માધ્યમ છે. એમાં વિશાળ પસંદગીને અવકાશ છે આપના સુચન આવકાર્ય.

**આ વિભાગમાં ભાગ લેવા કાર્યાલય માટે નીચેની વિગત ભરી મોકલવી જરૂરી છે. (નીચેની માહિતી અપ્રકટ રહેશે.)**

મોકલનાર વાલીનું નામ : ____________ ઉમેદવારનું નામ : ____________

સરનામું : ____________ ફોન : ____________

૭મા અધિકૃત વ.પ.ના કુટુંબ ક્રમાંક : ____________ સહી : ____________

## ઇતિહાસ–પ્રકાશ : સ્વ. જેઠાભાઈ આણંદજી માસ્તર

*- શ્રી. નારાણજી મણશી લોડાયા*

સંવત ૧૯૨૪માં જેઠાભાઈ આણંદજી માસ્તરનો જન્મ થયો. સામાન્ય સ્થિતિના છતાં બુદ્ધિબળવડે અગળ વધનાર અને જનતામાં પોતાની સુવાસ ફેલાવનાર એક નમ્ર સેવાભાવી તરીકે જેઠાભાઈ માસ્તરનું નામ આજે સૌ કોઈની જીભે રમી રહ્યું છે. તેમણે પોતાના જીવનની શરૂઆત નબળી આર્થિક સ્થિતિમાં કરી હતી અને વિદ્યાર્થી જીવનમાં તેમની આસપાસના સંજોગો તેમની મુશ્કેલીમાં વધારો કરે તેવા રહ્યા. તેમ છતાં તેમણે ઉત્સાહ તથા ખંતપૂર્વક પોતાનો અભ્યાસ ચાલુ રાખી મેટ્રીકની પરીક્ષા પાસ કરી હતી. મેટ્રીક થયા પછી આગળ વિદ્યાભ્યાસ માટે જેઠાભાઈનું હૃદય તલપાપડ હતું પરંતુ આર્થિક સંજોગો અને મુસીબતોને કારણે વિદ્યાભ્યાસ પડતો મૂકી તેમને નોકરી કરવાની ફરજ પડી.

મેસર્સ વાડીઆ ગાંધી એન્ડ કાં. સોલીસીટરોની પેઢીમાં તેઓના કારભારી તરીકે જોડાઈ જેઠાભાઈએ પોતાના ધંધાદારી જીવનની શરૂઆત કરી; એટલું જ નહિ પણ નોકરી દરમીઆન પોતાને મળતા ફુરસદના સમયની એકએક પળને અમૂલ્ય સમજી તે સમયનો ભોગ તેમણે જાહેર કામકાજ પાછળ આપવા માંડ્યો.

જુદા જુદા વ્યાપાર ધંધામાં પોતાની બુધ્ધિ, શક્તિ તથા કુનેહ વડે ભાગ લઈ તેમણે વ્યાપારી આલમમાં પોતાની પ્રતિષ્ઠા વધારી, આવડત સાબીત કરી આપી. તેમનું નામ વેપારી આલમમાં દરેક સ્થળે મશહુર થવા માંડયું અને તેમની ખ્યાતિના પૂર ધીમે ધીમે એટલી હદ સુધી જામ્યાં કે તેમનું વ્યાપારી વિષયોનું બહોળું જ્ઞાન, ધંધાદારી અનુભવ અને કામ કરવાની પદ્ધતિ–આ બધાના પરિણામે તેમનો પ્રત્યેક શબ્દ વ્યાપારી બજારમાં મુલ્યવાન તથા વજનદાર મનાવા લાગ્યો. મુંબઈની ખાંડ બજારમાં આજે જણાતું સુસંગઠિત અને બળવાન "સુગર મરચંટ એસોશીએશન એ સ્વ. જેઠાભાઈના પ્રયત્નને ઘણે અંશે આભારી છે. જે જમાનામાં પ્રસ્તુત એસોશીએશનની સ્થાપના થઈ, તે વખતે એસોશીએશનની સ્થાપન માટે ભગીરથ પ્રયત્નો કરનારાઓમાં જેઠાભાઈ પણ એક હતા

ખાંડબજાર ઉપરાંત મુંબઈના જુદાં જુદાં વ્યાપારી એસોશીએસનો સાથે પણ તેમનો ગાઢ સંબંધ હતો. વળી આ ઉપરાંત રંગુનના ચોખાના વેપારી એસોશીએશનના સેક્રેટરી તરીકે ઉમદા સેવા બજાવીને તેમણે પોતાના બહોળા જ્ઞાનનો લાભ વ્યાપારી જનતાને આપ્યો હતો. આ ઉપરાંત વેપાર ધંધાને લગતા દિવાની કોર્ટના કામકાજ માટે છેક વિલાયતમાં પ્રીવી કાઉન્સીલ સુધીની લડત ચલાવી પોતાના પક્ષને વિજયી બનાવ્યો હતો.

તેમણે જ્ઞાતિ ક્ષેત્રની પણ ઉમદા સેવા બજાવી છે.

ઇ.સ. ૧૮૯૪ના જ્ઞાતિ કેસો માટે "ગોકળદાસ જેચંદ કેસ"માં મહાજનના પ્રતિનિધિ તરીકે તેમણે જે લડત ચલાવી હતી તે હંમેશને માટે યાદ રહે તેવી છે.

ઇ.સ. ૧૮૯૯માં મર્હુમને મહાજન કમીટીના સભ્ય બનાવવામાં આવ્યા અને તેમણે મહાજન સુધારણા માટે પ્રયત્નો શરૂ કર્યા અને વર્ષોની લડત પછી તા.૫-૬-૧૯૦૪ ના રોજ મહાજનની સભામાં મહાજનનું કામકાજ વ્યવસ્થિત ચલાવવાના નિયમો ઘડી કાઢી બહાલ રખાવવામાં મર્હુમ સફળ થયા. બીજા વર્ષથી મહાજનના ટ્રસ્ટીઓએ લીટલ કાં. ને બદલે વાડીઆ ગાંધી કાં.ની મહાજનના વકિલો તરીકે નીમણુંક કરી, જેથી મર્હુમની કાયદા વિષેની બાહોશીભરી સલાહનો લાભ મળે.

ઇ.સ.૧૯૦૫માં વસનજી ત્રિકમજી, ખેતશી ખીમજી, ચાંપશી કુંવરજી અને શામજી દેવજીને નાતથી જૂદા ગણવામાં આવ્યા તથા ચાંપશી કુંવરજીને ટ્રસ્ટી તરીકે દૂર કરવામાં આવ્યા. એ બનાવ અંગે ઉભા થયેલા કેસમાં (૧૯૦૬) શેઠ વસનજી ત્રીકમજી તથા ખેતશી ખીમજીએ એડવોકેટ જનરલ માર્ફત માંડેલી ફરિયાદમાં મર્હુમે જે ભાગ ભજવ્યો હતો તે માટે જ્ઞાતિ તેમની ઋણી છે. સં. ૧૯૪૭માં લખમશી તેજપાર મૈશરીને તથા માસ્તર મંડળને નાતબહાર મૂકવામાં આવ્યા તે વેળા સદ્ગતે મહાજનના નામે કરવામાં આવતા અન્યાયો તથા એકહથ્થુ સત્તા સામે સખત પ્રહારો કર્યા હતા અને એ બનાવમાં પોતાના ગોઠીઆઓ સહિત તેમને સફળતા મળી હતી.

મર્હુમની કેળવણી ક્ષેત્રની સેવાઓ પણ કિંમતી હતી. તેમણે પોતે કેટલીક મુશ્કેલીઓ વચ્ચે કેળવણી પામી તેની ખરી કિંમત બતાવી અને મુંબઈની પાઠશાળા તથા બોર્ડીંગ ઉભી કરાવવા પાછળ ખરા હૃદયથી પ્રયત્ન કર્યો હતો.

આ રીતે જ્ઞાતિ ઉપયોગી કાર્યો તથા મહાજન સુધારણા પાછળ મર્હુમે સીધા તેમ જ આડકતરા અનેક પ્રયત્નો કર્યા હતા. આધુનિક પાર્લામેન્ટરી બંધારણ એ તેમની તથા સ્વ. કાયાણીની મહેનતનું જ પરિણામ છે. આ રીતે જ્ઞાતિક્ષેત્રમાં હેરત પમાડે તેવી સેવા કરી ૬૬ વર્ષની વયે સં.૧૯૯૦ના માગશર વદ ૮ના રોજ મર્હુમનું ખેદજનક અવસાન થયું.

છેલ્લા લગભગ પાંચેક વર્ષથી તેઓ પોતાના વતન ભરૂડીયા ખાતે અસ્વસ્થ પ્રકૃતિ તેમ જ નબળી આર્થિક સ્થિતિ કરાણે નિવૃત્તિમય જીવન ગાળતા હતા.

# "કચ્છી કાવની સરવાણી"

(સંકલનકાર - સોમ ધરમશી)

## કવિ તેજ - મણકો - ૧૨

બે પંક્તિઓ નો મર્મી કવિ

## નિસર્ગ અને પ્રકૃતિનાં ગીતો

કવિ તેજનાં સમગ્ર સાહિત્યમાં ભક્તિરસથી તરબોળ રચનાઓ અપરંપાર છે. તેમાંની કેટલીકનો આસ્વાદ આપણે લીધો, હવે આગળ વધીએ અને જેના તરફ કવિને અપાર પ્રેમ છે તે નિસર્ગ અને પ્રકૃતિનાં ગીતોમાં છબછબીયાં કરીએ.

કચ્છ છેલ્લા દાયકામાં ધરતીકંપ પછી વિકાસ પામ્યું, પણ અબડાસા તાલુકો હજી જુની પરંપરા જાળવી બેઠો છે. ઠંડીના દિવસોમાં થરથર ધ્રુજતું નલિયા ગુલાબી ઠંડીમાં લપેટાઈ જાય, એવા સમયે નલિયા વસેલો આ "અપસુખીયો જીવ" ખભે થેલો, થેલામાં દુરબીન, સીસાપેન કે બોલપેન, એક ટાંચણ પોથી, સ્વેટર પહેરી અને વાંદરા ટોપીમાં સજ્જ થઈ લ્યુના પર બેસી કુદરતમય બની જાય છે. કચ્છનાં કુદરતી કરિસ્માને કવિએ માણ્યાં છે. શ્વેત રણ, જખૌ માંડવીના દરિયા કિનારા, બન્નીનાં મેદાનો, નારાયણ સરોવર, કોટેશ્વર, માંડવી, મુન્દ્રા તાલુકાના લહેરાતાં ખેતરો, ધીણોધર અને કાળો ડુંગર એના મનમાં રમતા હોય છે. અને આપણને કવિતા મળે છે -

### વતન જાધ અચે

જાધ અચે રે ! મુંકે જાધ અચે,
મુંજો મિઠડો વતન મુંકે જાધ અચે...

મુંજે વતનમેં વીરા, મોરલા નચેંતા નીલા,
ઉનીંજો સુરીલો કુછણ મુંકે જાધ અચે... મુંજો મિઠડો...

મુંજે વતન વટ વીરા, સાંયર તો ખાય ઝૂલા,
ઉનજો ગેબી ગુંજન મુંકે જાધ અચે... મુંજો મિઠડો...

મુંજે વતનમેં વીરા, ડુંગર અઈં તપસી જેંડા,
ઉનીંજી સલૂણી સિકલ મુંકે જાધ અચે... મુંજો મિઠડો...

મુંજે વતનમેં વીરા, વન-ઉપવન નીરા નીરા,
ઉનીંજો કુંજરો ડોલન મુંકે જાધ અચે... મુંજો મિઠડો...

મુંજે વતનમેં વીરા, સંત-સતીયું ને સૂરા,
ઉનીંજો કસુંભલ કવન મુંકે જાધ અચે... મુંજો મિઠડો...

મુંજે વતનજા વીરા, માડુડા મિઠડા બોરા,
ઉનીંજો નેહ નિરમલ મુંકે જાધ અચે... મુંજો મિઠડો...

મુંજે વતનજા વીરા, સોણલા સતાઈયેં પૂરા,
'તેજ' હર પલા-પલ વતન જાધ અચે... મુંજો મિઠડો...

કવિ તેજની ઉપરોક્ત કવિતા આ પ્રકરણ લખતાં લખતા માણું છું ત્યારે કચ્છનાં રણોત્સવની તડામાર તૈયારીનાં સમાચારો, ફોટાઓ છાપામાં ચમકી રહ્યા છે. કચ્છનાં બેમિસાલ રણે લોકોને ઘેલું લગાડ્યું છે અને ૨૦,૦૦૦થી પણ વધુ લોકો હમીરસરની પાળ ઉપર બેસી રણોત્સવનાં ઉદ્‌ઘાટનની ઝાંખિયો માણશે.

આપણામાં એક કહેવત છે કે, જયાં ના પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ. કવિ પાસે આ સૃષ્ટિને નીરખવાની એક અદ્‌ભુત દ્રષ્ટિ હોય છે અને નિરિક્ષણ શક્તિ દ્વારા આપણને જયાં કવિતા ના મળે, ના દેખાય ત્યાં કવિ તેને જોઈ આપણા માટે રજુ કરે છે. આ સૃષ્ટિનાં ઝાડ-પાન, ફળ-ફુલ, પક્ષીઓ, પશુઓ, સવાર-સાંજનાં નયન રમ્ય દશ્યો બધાને પોતાનાં કેલીડોસ્કોપમાં કવિ કેદ કરતો હોય છે. કચ્છમાં કેટલાક ઘરોમાં કીડી અને માકુડા (મંકોડા)નું સામ્રાજય ફેલાયેલું હોય છે. તેમની વિશિષ્ટ ખાસિયતો હોય છે. કવિની વેધક નજર તેમની હિલચાલનો આપણને અનોખો ચિતાર આપે છે, તમે કયારે કીડી-મંકોડા વિશે આવું વિચાર્યુ છે???

### મે'નત મું માકુડેમેં ડિઠી

મે'નત મું માકુડેમેં ડિઠી મો'બત મું માકુડેમેં ડિઠી;
જિત્ત ન્યાર્યોં તિત્ત ભાવર ભેરા હિનીજી વણઝાર વડી. મે'નત..

સાથીડા કડેં સાથ ન છડિયેં હલેં કતારું તા કઢી;
ઓંખી પેંતી હિકડેતેં તેર સજી જમાત પેંતી ઉથી. મે'નત...

ચક વિજીને ચોટી રેંતા ડીંયે ન-ના લિખ હટી;
અધ ભાંઢો ઉખડી પે તોંય અધસેં સૂરા સટીં. મે'નત...

ખાધ ડિસેં જિત્ત પિંઢજો તિત્ત તેંતેં પેંતા છણી;
સંપ-સલા ને સંતોસસેં વિઈ ભેરા ખેંતા ખણી. મે'નત...

મે'નતસેં તાં મણ હેઠા પણ કણકે ગિનેંતા કઢી;
'તેજ'ચેં માંકુડેમેં ડિઠી એડી મું માડુડે ન ડિઠી. મે'નત...

આ કવિતા પ્રકૃતિનાં કેટલાંક રહસ્યો ખુલ્લાં પાડે છે અને સાથે સાથે સાથ-સહકાર અને સંપનો અદ્‌ભુત સંદેશો આપે છે. અવિરત મહેનત કરી ખાવાનાં ધાન્ય મણ જેટલા હોય તેમાંથી કણ કણ કાઢી મણને સફાચટ કરી કીડીબાઈ પોતે આપત્તિકાળ માટે સંગ્રહ કરી આપણને બચત કરવાનો સંદેશો આપે છે.

આપણે સૌ આ જાણીએ છીએ, પણ કવિ પોતાની કલ્પનામય કાવ્યશક્તિ દ્વારા પ્રસ્તુત કરી આપણી વા...વા... લઈ જાય છે.

કવિએ આપણને ઋતુ કાવ્યો પણ આપ્યા છે, અને વસંતઋતુની મજા કવિની કલમે માણસું આવતા અંકે...

## મ્યુઝિક થેરેપી : સારવાર સૂર સાજના સથવારે... - *મનીષ પ્રતાપ ડાઘા (મુલુન્ડ)*

મ્યુઝિક થેરેપીના તજજ્ઞોના મત મુજબ સંગીતથી માનસિક તાણ હળવી બને છે. મન આનંદિત થઈ ઉઠે છે અને વ્યાધિ દૂર થવામાં મદદ મળે છે. પરંતુ ઘણાં લોકો એમ પણ પૂછે છે કે શું સંગીતથી બુધ્ધિમત્તા કે ગ્રહણશક્તિ તીવ્ર બને? શું વાયોલિન, સિતાર કે પિયાનો વગાડવાની તાલીમ લેવાથી હોંશીયારી વધે? ન્યુરો સાયન્ટિસ્ટો અને મનોવૈજ્ઞાનિકો એ વાત ખાતરીપૂર્વક કહે છે કે સંગીતથી મગજશક્તિ ખીલે છે.

ચિકાગો પાસે આવેલી "નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટી"નો "સ્કુલ ઓફ કમ્યુનિકેશન"ના નીના ક્રૌસ અને ભરત ચંદ્રશેખરને થોડા સમય પહેલા "નેચર" જર્નલમાં રજુ કરેલા રિવ્યુ (નિરીક્ષણ) પેપરમાં દાવો કર્યો છે કે, સંગીતની તાલીમથી મગજમાં મહત્ત્વના ફેરફાર આવે છે. સંગીત એક એવી કળા કે સાંભળવા સહિતની અન્ય ઘણી કુશળતાઓનો વિકાસ કરે છે. સંગીત શીખવાથી પાયાની કુશળતા કેળવાય છે અને જ્ઞાનની પ્રક્રિયા પણ વધે છે.

**મ્યુઝિક થેરેપીની મર્યાદાઓ :**

મ્યુઝિક થેરેપીની મર્યાદા એટલી કે પ્રત્યેક વ્યક્તિ માટે એકજ સંગીતના સૂર કે વાદ્યની તાન હોઈ ના શકે. એક વ્યક્તિને શાસ્ત્રીયગાયન કે વાદન ગમતું હોય. બીજા ફિલ્મ સંગીત કે લોકસંગીત અથવા ભક્તિસંગીત ગમતું હોય. આ નક્કી કરવાનું કામ મ્યુઝિક થેરેપીસ્ટનું છે. થેરેપીસ્ટ સંગીતનો જાણકાર, રોજ સંગીતનો રીયાઝ કરનાર સંગીતકાર હોય છે.

**મ્યુઝિક થેરેપી વિષેનો થોડી વિશેષ વાતો :**

૧. અમુક રાગની અમુક રોગ ઉપર અસર થાય છે. વારંવાર રાગ સાંભળવાથી સ્નાયુ, જ્ઞાનતંતુ અને શરીરમાં રહેલ મુલધારા ચક્ર ઉપર અસર થાય છે. આના કારણે લોહીના પ્રવાહને વેગ મળે છે. લોહી બધે જલ્દી પહોંચે એટલે શક્તિ સંચાર થાય છે.

૨. સંગીતના બીટસ (તાલ) ૭૦થી ૭૫ હોય છે. હૃદયની બીટ પણ એટલાજ હોય છે. એટલે જેમ જેમ સંગીતના બીટ વધે તેમ માઈન્ડ બોડી કોમ્પ્લેક્ષ (શરીર અને મન) ઉપર એક પ્રકારની સુધીંગ ઈફેક્ટ (શાંત અસર) થાય છે. તીહાર જેલના વક્તા શ્રી સુનીલ ગુપ્તાના કહેવા મુજબ સંગીત થેરેપીનો જેલના કેદી ઉપર બહુજ સારો પ્રભાવ પડયો છે. થાણાની મેન્ટલ હૉસ્ટિલમાં પણ મ્યુઝિક થેરેપીને બહુજ સારો પ્રતિસાદ મળ્યો છે.

જે કોઈ દર્દી હોય એની અપેક્ષાઓ (૧) દર્દમાંથી મુક્ત થવું (૨) દર્દ ઓછો થાય (૩) દર્દ ફરી થાય નહીં એવી હોય છે. દર્દીને પધ્ધતિ સાથે કોઈ સંબંધ નથી. માટે મોર્ડન મેડીસીન સાથે મ્યુઝિક થેરેપી કરવામાં વાંધો નથી. સંગીતનું થોડું જ્ઞાન હશે તો તમને મ્યુઝિક થેરેપીનો ફાયદો અવશ્ય થશે. સાચા પ્રમાણિક મ્યુઝિક થેરેપીસ્ટની મદદ લેવી પડશે. કોઈ પણ કસરત જેમાં વધારે શ્વાસ લેવા પડે અને શરીરમાં ઓક્સિજન જાય તો તમારી ઈમ્યુનિટી વધશે. મ્યુઝિક થેરેપીસ્ટની સારવારથી (સંગીતથી) સારૂં થાય એની સાથે તમે સંગીત શીખો અને તેની પ્રેક્ટીસ કરો તો તમારા શરીરમાં પણ ઓક્સિજન વધારે જાય અને તમને ફાયદો થાય. સંગીત સાંભળીને આપણે આનંદથી ઝુમી ઊઠીએ છીએ તે કંઈ નાનીસુની વાત નથી.

ચાલો, સાથે મળીને ડગ ભરીએ.
સંગીતથી સુસ્વાસ્થ્ય તરફ...
સંગીતથી સમૃધ્ધિ તરફ...
સંગીતથી સમાધી તરફ...

## કાવ્ય પ્રકાશ : આવઈ પંજોસણ

હલો હલો જેડલ ભેગી પંજોસણ ઉજવીઓં
ભેગા થઈને વતન વરાડીયા વેળોનો
ચિંતામણી દાદાજી ભક્તિ કઈબો
ઝગમગ લાખેણી આંગીયું સજાઈબો
સાધુ-સાધ્વી ચતુર્વિધ સંઘજા દર્શન કઈબો
કલ્પસુત્ર વાંચન જો મહીમા સુણબો
તપ અને જપ જા આભુષણ સજબો
વિર વર્ધમાન જો કલ્યાણક ઉજવીબો
ક્ષમાપના સેં ખમી ખમાઈબો
છઠ્ઠ પાયણેજો સ્વામીવત્સલ કઈબો
ચૈત્યપરીપાટીજો લાવો ગેનબો
કચ્છ જે ડેરેંજી પંચતીર્થી કઈબો
જૈન જયંતી શાસનમજા નારા લગાઈબો
હર્ષશીલાશ્રીજી પ્રેરણાકે વધાઈબો
મહાવીરજો સંદેશો જગમેં ફેલાઈબો
હલો હલો જેડલ ભેગી પંજોસણ ઉજવીબો

- ***ચેતના શરદ મોમાયા*** (હુબલી)


શુભેચ્છા સહ...
**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**
**UKKHIMJI & CO.**
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## સમસ્ત જ્ઞાતિ મહાજન દ્વારા કવિ “તેજ”નું મુંબઈમાં બહુમાન

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન દ્વારા સમગ્ર જ્ઞાતિ વતી જ્ઞાતિના કવિ શ્રી તેજનું તેમના ૭૫ વર્ષના પદાર્પણ અમૃત મહોત્સવી વર્ષ નિમિત્તે જાહેર અભિવાદન મહોત્સવ રવિ. તા.૧૫-૭-૧૨ના સાંજે ૭ વાગે જગન્નાથ હોલ-ભાંડુપમાં જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં ઉજવાયું.

આ પ્રસંગે તેમની કચ્છી રચનાઓને માણવા “તેજનો અવાજ” કાર્યક્રમ શ્રી લાલ રાંભીયા અને સાથી કલાકારો દ્વારા પ્રસ્તુત થયું. કાર્યક્રમનું સૂત્ર સંચાલન શ્રી.. ડો.. ગુલાબ દેઢીયાએ રસપ્રદ શૈલીમાં કર્યું હતું. કવિ તેજની ૩૧ કાવ્યસંગ્રહોની ખાસ પસંદગીની રચનાઓ સંગીતના માધ્યમે સતત ત્રણ કલાક રજુ કરાઈ. “ટીટોડી ટહુકા કરે”ની ગ્રામ્યજીવન શૈલીની નાટિકા પણ ભજવાઈ.

આ સમારોહમાં કવિ તેજનું જ્ઞાતિવતી શાનદાર અભિવાદન કરાયું. સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ દ્વારા કવિશ્રીને તિલક કરી શાલ-શ્રીફળ અર્પણ કરી માળા પહેરાવાઈ હતી.. આ પ્રસંગે કાર્યક્રમના અર્થ સહયોગી મુંબઈ મહાજનની ટીમ દ્વારા તેમને રૂા.૧,૧૧,૧૧૧/-ની થેલી અર્પણ કરી સ્મૃતિચિન્હ ભેટ અપાયેલ.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન શ્રોતાઓની હોલમાં ભરચક હાજરી રહી અને જ્ઞાતિજનો તથા કવિ “તેજ”ના કલાપ્રેમી ચાહકોએ પણ ઉપસ્થિત રહી આ કાર્યક્રમ માણેલ.. આ પ્રસંગે જ્ઞાતિના વિવિધ મહાજનોના પ્રતિનિધિઓ પણ પધારેલ.. હોલને કવિ તેજની કાવ્યપંક્તિઓ અને તેમના પ્રકાશનો તથા ઉપલબ્ધિ-માનચિન્હોની નોંધથી શણગારાયેલ.. આ પ્રસંગે કવિ તેજના ૩૨મા કાવ્યસંગ્રહ “વનાડો”નું વિમોચન કરાયું.. જે કલાપ્રેમી અને કવિ તેજના અનેક પુસ્તકોના અર્થસહયોગી શ્રી કિરીટભાઈ લાપસીયાને અર્પણ થયેલ.

કાર્યક્રમનું વીડીયો શુટીંગ કરાયેલ અને આ હોલ ઉપરાંત બહારના હોલમાં પણ ચાહકોએ ક્લોઝ સર્કીટ ટીવી દ્વારા મોટા પડદે કાર્યક્રમ માણેલ..

કાર્યક્રમ અને સમગ્ર દિવસના આયોજનમાં શ્રી અનંતમિત્ર મંડળ-ભાંડુપ અને તેની યુવાપાંખે સમગ્ર વ્યવસ્થા સંભાળી મહત્વપુર્ણ યોગદાન આપેલ. સાંજે જનજાગરણ અભિયાનની ખુલ્લી બેઠક હતી.. મુંબઈ ક્ષેત્રની આ પ્રથમ બેઠકમાં વિવિધ સ્થળેથી જ્ઞાતિજનોએ ભાગ લઈ જ્ઞાતિપ્રશ્નોની ચર્ચામાં ઉમંગે સહભાગી થઈ જ્ઞાતિસ્તરીય સમસ્યાઓ વિષે પોતાના વિચાર/મંતવ્યો રાખ્યા હતા. સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતાએ જ્ઞાતિજનોએ આવકાર આપી સમસ્ત મહાજનની પ્રસ્તાવના અને ઉદેશ્યો-કાર્યોની સમજ આપેલ..

કાર્યક્રમના અંતે થયેલ ચર્ચાનું મુદ્દાવાર સંકલન કરેલ અને ચર્ચામાં સહભાગી થવા બદલ આભાર પ્રકટ કરેલ.. સાંજે સૌએ જનજાગરણ અભિયાન સંપર્ક બેઠકમાં પ્રારંભે ચા પાણીને ન્યાય આપી સાંજે સૌએ ચોવિહારનો લાભ આપેલ..

સમસ્ત મહાજન આયોજિત આજના સંપુર્ણ કાર્યક્રમનું અર્થ સહયોગ સૌજન્યનું મુંબઈ મહાજનશ્રી લાભ લેશે એવી જાહેરાત માનદમંત્રી શ્રી ચેતન મોતાએ કરી જેને સૌએ ઉમળકાભેર તાળીઓથી વધાવેલ..

### સાંયરાવાસીઓની હાજરી

વડાલામાં તા.૨૧-૬-૧૨ના શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.આ.ઠા.નો પ્રવેશ થયેલ ત્યારે સાંયરાવાસી ભાઈ-બહેનો સારી સંખ્યામાં હાજરી રહી.

વાંદરામાં ૨૫-૬-૧૨ના શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.તથા પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા.નો પ્રવેશ પ્રસંગે પણ સારી હાજરી હતી.. ઇન્દીરાબેન નાગશી છેડા તરફથી નવકારશી તથા રૂા.૫૦નું સંઘપૂજન થયું.

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

જલગામમાં તા.૨૭-૬-૨૦૧૨ના પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પૂ.સા.શ્રી હિમાંશુશ્રીજી મ.સા.ના ચાર્તુમાસ પ્રવેશ પ્રસંગે સારી સંખ્યામાં સાંયરાવાસીઓ પધારેલ. સામૈયામાં તબલચી મણીલાલ, જવેરચંદ, મુલચંદ, રતીલાલ અને મધુકાન્તભાઈએ સારી રમઝટ જમાવેલ. જલગામમાં કિશોરભાઈ તથા વસંતભાઈ ગોરે સારી રમઝટ જમાવેલ.

બપોર ૩ વાગે વાસુપૂજ્ય દેરાસરમાં પારસનાથ પંચકલ્યાણક પૂજા રાગરાગીણીથી ભણાવેલ. રૂા.૧૦ની પ્રભાવના સંઘ તરફથી કરવામાં આવી.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–સુથરી

પૂ. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાઆશિષે પૂ.સા.શ્રી મહાયશાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ મળેલ છે. પૂજ્યશ્રીનો પ્રવેશ તા.૨૯-૬-૧૨નાં સવારે ૮ કલાકે થયેલ. જેમાં જૈન-જૈનેતર ભાવિકો સારી સંખ્યામાં જોડાયેલ. બહારગામથી પણ ઘણા મહાજનોના પ્રતિનિધિઓ પધારેલ. પૂજ્યશ્રીનું વાજતે ગાજતે સામૈયું થયું.

આ પ્રસંગે વ્યાખ્યાનવાણીનો લાભ લીધેલ વિવિધ દાતાઓશ્રી તરફથી મળીને કુલ્લ રૂા.૨૦૦ નું સંઘપૂજન કરવામાં આવેલ. બપોરે સાધર્મીકભક્તિ માતુશ્રી જમકુબાઈ પદમશી આણંદજી લોડાયા પરિવાર તરફથી હતી.

તા.૩-૭-૧૨નાં સુત્ર ધર્મબિંદુ તથા શાંતિનાથ ચરિત્રની ઘૃત ઉછામણી બોલાવવામાં આવેલ જેનાં લાભ અનુક્રમે સુત્ર વહોરાવવાનો માતુશ્રી બાંયાબાઈ નરશી ભોજરાજ છેડા પરીવાર સુથરી અને ચરિત્ર વહોરાવવાનો ચડાવો સ્વ. શ્રી અતુલ લીલાધર હંસરાજ ખોના પરિવાર સુથરીએ મળીને કુલ્લ ૧૧૦ મણમાં લીધેલ.

### નલિયા તિર્થે ચાર્તુમાસ આરાધના

પૂ.સા.શ્રી ધર્મમુર્તિશ્રીજી મ.સા.આ.ઠા.૩ની નિશ્રામાં અત્રે સુંદર આરાધના થઈ રહી છે. ઉપાશ્રયે દરરોજ સવારે ૯ થી ૧૦ વ્યાખ્યાન હોય છે. તા.૩-૭-૧૨ના સુત્રચરિત્ર વહોરાવવાનો તથા પાંચ જ્ઞાનનાં પૂજનની ઉછામણી બોલાઈ.

સુત્રચરિત્ર વહોરાવવાનો ઘૃતમણ ૫૫૧માં શ્રી વનીતાબેન રાયચંદ નાગડા (જખૌ-નલિયા) જ્ઞાનનાં પૂજન : મતિજ્ઞાન મણ ૧૭૧ શ્રી કુંવરજી લાલજી ખોના, શ્રુતજ્ઞાન ૧૦૧ મણ શ્રી વેલજી રાયશી મોતા, અવધિજ્ઞાન ૫૧ મણ, શ્રી લક્ષ્મીચંદ હીરજી નાગડા, મનપર્યવ જ્ઞાન ૭૧ મણ શ્રી હીરાચંદ લાલજી દંડ, કેવળજ્ઞાન ૨૦૧ મણમાં શ્રી વાલબાઈ ખેતશી નાગડાએ લાભ લીધેલ.

ચોમાસી છઠ્ઠ તપ પુષ્પાબેન પદમશી નાગડા અને મનીષા મહેશ નાગડાએ કરેલ. મહાજનશ્રી તરફથી પ્રભાવના અને પારણાનો લાભ લેવાયો. તા.૬-૭-૧૨ના આયંબીલ આરાધના થઈ. સંઘ તરફથી રૂા.૩૫ની પ્રભાવના થઈ.

તા.૮-૭-૧૨ના બપોરે બાળકોની શિબીર રાખવામાં આવેલ. જેમાં પ્રભાવના માતુશ્રી જયાબાઈ ઝવેરચંદ લોડાયા (નલિયા-અંધેરી) તરફથી હતી. દર રવિવારે બાળકોની શીબીર રહેશે. તા.૧૪-૭-૧૨ પાંચ પરમેષ્ઠીનાં પાંચ એકાસણા કરવામાં આવેલ.

### શ્રી કચ્છી જૈન સંઘ–કોલકતા

તા.૨૧-૬-૧૨ના કચ્છી નવા વર્ષ નિમિતે સંઘના ટ્રસ્ટીઓ અને કાર્યવાહક સમિતિ સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રિતીભોજન રાખવામાં આવેલ. યુવામંડળના સભ્યો દ્વારા સુંદર કાર્યક્રમ થયેલ. કોરીયોગ્રાફર તરીકે રિધ્ધી જયંતકુમાર ધુલ્લા અને દીટના અમીત શાહ હતા. કાર્યક્રમનું સંચાલન સંઘના માનદમંત્રી જયંત કલ્યાણજી ધુલ્લાએ કરેલ અને આભારવિધિ માનદમંત્રી હીનેશ વ્રજલાલ વીરાએ કરેલ.

તા.૨૩-૬-૧૨ના શ્રી બીપીન દેવજી દૌલત, સૌ. જ્યોતીબેન બીપીન દૌલતની પાલીતાણા નવાણુ યાત્રા, સૌ. ધનલક્ષ્મી હરીશ દૌલતની વિવિધ તપશ્ચર્યા, સૌ. શિલ્પા શૈલેશ દૌલતના ઉપધાન તપ પૂર્ણાહુતિ નિમિતે માતુશ્રી વિજયાબેન દેવજી રાયશી દૌલત પરિવાર તરફથી સિધ્ધચક્ર મહાપૂજન અને સંઘજમણ રાખવામાં આવેલ. જેમાં સકલ સંઘે આનંદપૂર્વક સહભાગી થઈ લાભ લીધેલ

તા.૨૧-૬-૧૨ના બપોરે ૨ વાગે શ્રીમતી હેમલતાબેન પદમશી લોડાયા તરફથી શ્રી સ્નાત્રપુજા ભણાવવામાં આવેલ. અને પાલીતાણાની નવાણુ યાત્રા કરનારા ભાગ્યશાળીઓનું મહિલા મંડળ તરફથી બહુમાન કરવામાં આવેલ.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

### ગાંધીધામ-બાંદ્રા વચ્ચે નવી ટ્રેન

કચ્છ આવાગમન માટે ટ્રેન નં.૧૯૪૫૧-બાંદ્રા-ગાંધીધામ દર ગુરૂવારે બાંદ્રાથી રાત્રે ૨૩.૫૫ કલાકે ઉપડી બીજા દિવસે સાંજે ૧૭.૨૦ કલાકે ગાંધીધામ પહોંચશે. અને ટ્રેન નં.૧૯૪૫૨ ગાંધીધામ-બાંદ્રા દર ગુરૂવારે ગાંધીધામથી સવારે ૬.૩૦ કલાકે ઉપડી એજ દિવસે રાત્રે ૨૨.૨૫ કલાકે બાંદ્રા પહોંચશે.

આ ટ્રેન બોરીવલી, વાપી, વલસાડ, સૂરત, વડોદરા, અમદાવાદ-વીરમગામ, સુરેન્દ્રનગર-વાંકાનેર-મોરબી-માળિયા-સામખીયારી-ભચાઉ એ સ્થળે થોભશે.

આગામી ડીસેમ્બરમાં ભુજ-બાંદ્રા વચ્ચે સુપર ફાસ્ટ એ.સી. ટ્રેન શરૂ થવાની શક્યતા છે. રેલ્વે કોચ ફેક્ટરીની પણ કાર્યવાહી ચાલુ છે.

### નલિનપુર નારી નિગમ

નારી નિગમના ઉપક્રમે તા.૩-૬-૧૨ના "ચોખી ઢાણી" ખાતે વાર્ષિક કાર્યક્રમમાં ૪૫ મેમ્બરોએ સુંદર મારવાડી નૃત્ય, કઠપૂતળીના ખેલ, મહેંદી, વિવિધ મેઝિક શૉ, હસ્તરેખાશાસ્ત્રી અને સુંદર મારવાડી ભોજનનો આનંદ માણ્યો. સભ્યોએ આ સ્નેહમિલનમાં ખુબ આનંદ માણ્યો. તા.૬ થી તા.૯-૯-૧૨નાં કુંભોજગિરિ, પન્હાળા, કોલ્હાપુર વગેરે સ્થળોએ ચૈત્યપરિપાટી અને પિકનીકનું આયોજન છે. તા.૧૩-૧૦-૧૨ના સારસ્વતવાડી, મુલુંડ (વેસ્ટ) ખાતે ટ્રેડ ફેર યોજવામાં આવશે. ઇચ્છુકોએ સ્ટોલ માટે નામ નોંધાવવા સંપર્ક : હીના મનોજ લોડાયા-9820318345, પૂર્વી પિનાકિન છેડા-9920328602 નવા સભ્યો નોંધવાનું ચાલુ છે.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

સાધર્મિકભક્તિના કાયમી તીથીના દાતાઓ : રાયચંદ હીરજી ખોના (ઈંદોર), એક સદ્દગૃહસ્થ. અન્નદાન માટેની કાયમી તિથીના દાતા : શ્રી રાયચંદ નરશી મોતા (સેલમ), માતુશ્રી ચંપાબેન લાલજી મૈશેરી હસ્તે દીપક કિરણ (USA), પ્રિયવંદાબેન, માતુશ્રી દેવકુંવરબેન અને શ્રી મેઘજી વેલજી ઘરમશી, ઉર્વશી, વિધાતા, તક્ષશીલા મેઘજી ઘરમશી (તારદેવ), વેલજી રાઘવજી પોલડીયા (લુણી)

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-વાપી

અત્રે મહાવીરનગરમાં તા.૧-૭-૧૨ના ભલારાદાદા પાઠ અને શ્રી ઘણીબાવાનો સમુહ પાઠ રાખવામાં આવેલ. સર્વે જ્ઞાતિજનો ઉમંગે સહભાગી થયા. આ નિમિતે પરસ્પર સંપર્ક મિલનનો લાભ મળેલ.

પાઠવિધિબાદ આ પ્રસંગે બહેનોએ વિવિધ પ્રકારે જ્ઞાનગમ્મતની રમતો રમાડી આનંદનો માહોલ રચેલ. વિજેતાઓને ઇનામ અપાયા. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઇનામ આપી નવાજવામાં આવ્યા. સાંજે જમ્યા બાદ સ્નેહમિલનનો આનંદ લઈ સૌ છુટા પડ્યા.

### મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-કારંજા/મુર્તિજાપુર

મંચની બેઠક તા.૮-૭-૧૨નાં સૌ. પાયલ જીનન લોડાયાના ઘરે મળેલ. જેમાં બે ગેમ રમાડવામાં આવી. પહેલી ગેમ એક મિનિટમાં એક રુમાલમાં ચાર જ ગોટી રબર બેન્ડથી બાંધવાની એવા વધુ રૂમાલ કરવા જેમાં પ્રથમ સૌ. હંસા લલીત ગોસર અને બીજા સૌ. રાશિ રાહુલ ગોસર આવેલ. બીજી જૈન ધાર્મિક પ્રશ્નોતરી હતી. જેમાં ૫૦ સામાન્ય જ્ઞાનનાં પ્રશ્નમાં પહેલા સૌ. રૂપા નંદીશ લોડાયા અને બીજા સૌ. કોમલ દિલીપ લોડાયા આવેલ.

ત્યારબાદ મૈદાના લોટથી કોન કેમ બનાવવા તે શિખાડવામાં આવ્યું. એમાં અલગ-અલગ સ્ટફીંગ કરીને સ્વાદીષ્ટ વાનગી બનાવાનું શીખડાવાયું. ત્યારબાદ પાયલ બેને ડૉ. શુષ્મા ઉપાધ્યાયને આમંત્રીત કરેલ. તેમણે સ્ત્રીઓને રોજગારીમાં થતી તકલીફો અને સ્ત્રી રોગોની સમજ અને તેના ઉપાયની સમજ આપી. મંચવતી તેમનું સન્માન કરવામાં આવ્યું. વિજેતાઓને ઇનામ અપાયા. અલ્પાહાર બાદ સૌ છુટા પડ્યા.

### સમસ્ત મહાજન દ્વારા મહત્વની બેઠકો અને જનજાગરણ અભિયાન

જ્ઞાતિ સંમેલન બાદ બે દાયકા સુધી સુસુપ્ત અવસ્થામાં રહેલા સમસ્ત જ્ઞાતિ મહાજનને પારોલા મહોત્સવે પુનર્જીવિત કરાયું અને માત્ર બે એક વર્ષના ગાળામાં વિવિધ જ્ઞાતિ મહાજનોમાંથી નવેસરથી સભ્યો નીમી ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિની પુનર્રચના કરાઈ અને વિવિધ માળખાકીય પુર્તતા સાથે ઉદ્દેશ્યો તરફ ધ્યાન અપાયું છે.

વિશેષમાં ભારતભરમાં જ્ઞાતિવસવાટના સ્થળોએ રૂબરૂ મુલાકાત લઈ જ્ઞાતિ જનજાગરણ અભિયાનને સફળ બનાવાયું છે. આ સભાઓમાં જ્ઞાતિસ્તરીય સામુહિક પ્રશ્નો સંબંધે જ્ઞાતિજનોએ જે માંગ-અપેક્ષાઓ રાખી તે સુરને તે તે સંબંધિત સંસ્થાઓનું ધ્યાન દોરી સમસ્ત મહાજને સંકલન, સમન્વય અને માધ્યમની અસરકારક ભુમિકા ભજવી છે.

આ પ્રકારે રવિ. તા.૧૫-૭-૧૨ના મુંબઈ-ભાંડુપમાં સવારે ૧૦ વાગે ટ્રસ્ટબોર્ડની બેઠક અને બપોરે ૨ વાગે

મહાસમિતિની ૫મી બેઠક મે. ટ્રસ્ટીશ્રી મહેન્દ્ર મેઘજી મોમાયાના પ્રમુખપદે યોજાઈ હતી.

ટ્રસ્ટબોર્ડની સભામાં ૨૮ પૈકી ૧૭ સભ્યો ઉપસ્થિત રહ્યા. એમાં જનસંપર્ક અભિયાનનો અહેવાલ, ઉદ્દેશ્ય મુજબ ધાર્મિક-સામાજિક-પ્રવૃતિઓ, મુંબઈમાં અગ્રતાક્રમે અતિથીગૃહનું નિર્માણ કરવા મુંબઈ મહાજનશ્રી સાથે સંકલન, આદિ પ્રશ્નોની સઘન ચર્ચા કરી અમલીકરણમાં આગળ વધવા નિર્ણય લેવાયા. જન જાગરણ અભિયાનના મળેલા જ્ઞાતિસુર મુજબ સંબંધિત સંસ્થાઓને ધ્યાન દોરવા પત્ર લખાયાની નોંધ લેવાઈ.

મહાસમિતિની બેઠકમાં વર્તમાન મેનેજીંગ ટ્રસ્ટીઓની કાર્યકાળ મુદત વધારીને પાંચ વર્ષ કરવા સર્વાનુમતે નિર્ણય લેવાયો. સમસ્ત મહાજનની પ્રવૃતિઓનો અહેવાલ અને વર્ષ ૨૦૧૧-૧૨નાં હિસાબોની નોંધ લઈ બહાલી અપાઈ, જ્ઞાતિના કવિ શ્રી તેજને સમસ્ત જ્ઞાતિવતી ક.દ.ઓ. જ્ઞાતિ ગૌરવ સાહિત્યરત્ન એવોર્ડ પ્રદાન કરવા અને તેમનું યથોચિત સન્માન કરી તેમના અમૃતમહોત્સવે તેમને રૂા.૧,૧૧,૧૧૧/-ની થેલી અર્પણ કરવાની ભાવનાની નોંધ લેવાઈ.

જ્ઞાતિ માટે એક એવું સર્વાંગલક્ષીકાર્ડ બનાવવું, સંસ્થાકીય માહિતી અને તેમના વચ્ચે સમન્વય, વતનમાં ઘટતી જતી વસતી વિષે, સમગ્ર જ્ઞાતિની એક સરખી સંકલન વ્યવસ્થા, કચ્છ જમીન માપણી અને દસ્તાવેજીકરણ, હોપ-૧૦૦૦, જ્ઞાતિ એવોર્ડ માટે પસંદગી સમિતિ, મુંબઈમાં અતિથીગૃહ, જ્ઞાતિમાં શિસ્ત સંયમની જરૂરીયાત, હકારાત્મક વિચારધારા, દરેકનું યોગદાન વગેરે બાબતે આ ખુલા મંચમાં વિચારો મુકાયા.

મુંબઈ મહાજનશ્રી તરફથી પ્રમુખ શ્રી નયનભાઈ ભેદાએ આજના સમગ્ર કાર્યક્રમને શુભેચ્છા સંદેશ અને પુષ્પગુચ્છ મોકલ્યા હતા. જેની સહર્ષ સાભાર નોંધ લેવાઈ. બપોરે જમણ અને સાંજે ચોવિહારની વ્યવસ્થા હતી. બન્ને બેઠકોમાં સર્વે સભ્યોએ ઉત્સાહ ઉમંગથી સક્રિય ભાગ લીધો હતો. મહાસમિતિની બેઠક બાદ સાંજે ૪ વાગે મુંબઈની પ્રથમ જનસંપર્ક સભા જ્ઞાતિજનજાગરણ અભિયાન હેઠળ યોજાઈ હતી. ભરચક હોલની ઉપસ્થિતિમાં જ્ઞાતિસ્તરીય સામુહિક પ્રશ્નોની રજુઆત કરવા ખુલ્લું મંચ અપાયું હતું.

જ્ઞાતિજનોએ "અનંતછાયા", હોપ-૧૦૦૦, કલ્પવૃક્ષ, સામાજિક રીતરિવાજો, સંસ્થાકીય ડીરેક્ટરી, જ્ઞાતિપત્રોની ભુમિકા, રાહતદરની આવાસ યોજના, સગપણ સમસ્યા, મહિલાશક્તિ યોગદાન, વગેરે પ્રશ્નો બાબતે પોતાના મંતવ્ય રાખ્યા હતા જેની સમસ્ત મહાજને નોંધ લીધી છે અને તે વિષયે સૌ સાથે મળી ઘટતું કરવા પ્રયત્ન કરાશે. સભાના પ્રારંભે ચા પાણી વ્યવસ્થા રખાઈ હતી.

આમ સમસ્ત મહાજન દ્વારા ટ્રસ્ટબોર્ડ, મહાસમિતિ અને જનજાગરણ સભામાં હકારાત્મકતા અને જાગૃતિનો માહોલ રચવા પહેલ કરી હતી જેને સૌએ વધાવી લઈ ઉત્સ્ફુર્ત પ્રતિસાદ આપેલ.

## શ્રી ક.દ.ઓ. જીવીસી જૈન સંઘ-ઘાટકોપર

શ્રી સંઘની દર મહિનાના છેલ્લા શનીવારે રાત્રે ૫-૮માંથી દરમ્યાન શ્રી અનંતછાયા ગૃહજિનાલયે મહાકાલી માતાજીની ભાવના ભણાવવામાં આવશે.

તા.૨૨-૭-૧૨ના મહાકાલી માતાજીની ભાવના માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર (મોટીખાવડી) તરફથી સકળ સંઘ તથા જી.વી.સી. સંઘના સભ્યોને પધારવા આમંત્રણ છે. સંપર્ક શ્રી શૈલેશ શાહ-9880069784 અને શ્રી કિરીટ કુરૂવા-9360888918.

## ભાંડુપમાં ધર્મ આરાધના

પૂ.સા.શ્રી કલ્પગુણાશ્રીજી મ.સા.ને સૂત્ર ઉપદેશ પ્રસાદ અને પાંડવ ચરિત્ર વહોરાવી. પાંચ જ્ઞાનની પૂજાઓ કરી ધર્મ આરાધનાનો મંગલ શુભારંભ થયો. પૂજ્યશ્રીની સરળ અને તત્વશૈલીએ વ્યાખ્યાનની પર્ષદાએ ચાતુર્માસ માહોલ જામ્યો. વ્યાખ્યાનમાં ભાવિકો સારી સંખ્યામાં પધારે છે. સોળ કષાય તપમાં ૨૫ જણાં જોડાયા છે. રવિવારના જાહેર વ્યાખ્યાનમાં શ્રી ત્રીકમજી ખેતશી મૈશેરી પરિવારે સ્વામીભક્તિનો લાભ લીધો. દર રવિવારે વ્યાખ્યાન બાદ સ્વામી ભક્તિ તેમજ પર્વ પર્યંત નિત્ય તપાચારે ભાવિકોએ મીતીઓ લખાવી અનેરા લાભના લાભાર્થી બન્યા છે.

આગામી રવિવારે શ્રી દામજી આણંદજી લોડાયા પરિવારે લાભ લીધો છે.

જાહેર વ્યાખ્યાનમાં "મા-બાપને ભૂલશો નહીં પરિવારમાં પ્રસન્નતા કેળવો" વિષય હતો.શ્રી સંઘના કાર્યકરો ઉત્સાહે વ્યવસ્થા કાર્યમાં વ્યસ્ત છે.

## શ્રી ક.દ.ઓ. મહિલા મંચ-અમદાવાદ

મંચ દ્વારા તા.૩૦-૬-૧૨ના કચ્છી નવા વર્ષના કાર્યક્રમમાં સ્નેહમિલન ગોઠવાયેલ. મીરા ધરમશી, ભુમિકા છેડા તથા નિહારીકા છેડાએ ભેગા થઈને "ક્રિકેટ હાઉસી વિથ જનરલ નોલેજ" ગેમ રમાડી. ઈનામના દાતા શ્રીમતિ દિવ્યાબેન વાલજી છેડા હતા. કાર્યક્રમમાં વહેલા અને સમયસર આવનાર બહેનોનું અને વર્ષભરની હાજરીના લક્કી ડ્રો રાખવામાં આવેલ, તેના ઈનામદાતા

મીરાબેન પ્રતાપ દંડ હ. મીનલબેન હતા. અલ્પાહાર શ્રીમતિ સુશીલાબેન નિરંજન મૈશેરી દ્રારા દોહિત્ર વંશના જન્મની ખુશાલી નિમિતે રાખવામાં આવેલ. આગામી કાર્યક્રમ તા.૨૮-૭-૧૨ના બ્યુટી ટિપ્સ ઉપર ડેમો રાખવામાં આવેલ છે.

### વડાલા ચાતુર્માસ કમિટી

શ્રી વડાલા સંઘની એક અસામાન્ય સભા રવિવાર તા.૨૪-૬-૧૨ના ઉપાશ્રય મધ્યે મળેલ જેમાં ચાતુર્માસ દરમ્યાન થનાર અંદાજીત ખર્ચ રૂા.૮ લાખની મંજુરી આપવામાં આવેલ. ચાર્તુમાસ કમિટિના ચેરમેનપદે સૌ. રેવંતી પ્રફુલ દંડ (વરાડીયા) તથા વાઈસ ચેરમેન શ્રી હીરજી દેવશી ગોસર (દેઢીયા)ની નિમણુંક કરવામાં આવી.

### વડાલામાં ચાતુર્માસ પ્રવેશ

પૂ.સા. ગુણમાલાશ્રીજી મ.સા.આ.ઠા.-૩ નું તા.૨૧-૬-૧૨ના સવારે આગમન થતા. વડાલા સંઘ તરફથી મધુકર ઉપાશ્રય પાસે વાજતે ગાજતે શાનદાર સામૈયુ થયેલ. આ સમયે સાંયરાવાસી ભાઈબહેનો સારી સંખ્યામાં હાજર રહેલ. સૌ પૂ.સા.શ્રીના પ્રવચન અને માંગલિક પ્રસંગે હાજર રહેલ. સાંયરા સંઘ તરફથી રૂા.૨ નું સંઘપૂજન થયેલ. સંઘ નવકારશીનો સૌએ લાભ આપેલ.

### ક.દ.ઓ. સામાજીક સુરક્ષા યોજના

યોજનામાં ૨૨ વર્ષમાં જુન ૧૨ સુધીમાં ૮,૯૭૯ જ્ઞાતિજનો જોડાયા છે. તેમાંથી અત્યાર સુધીમાં ૫૫ વર્ષ વય પુર્વે ૨૩૭ સભ્યોના અવસાન થતાં તેમના નોમીનીને લાભાંશ રકમ ચુકવાઈ છે. હાલમાં ૬૭૦૧ સભ્યો છે. બાકીનાને ૫૫ વર્ષની વય બાદ ડીપોઝીટની રકમ પરત કરાઈ છે. ૦ થી ૫૩ વર્ષના જે જ્ઞાતિજનો જોડાયા નથી તેમને સભ્ય થવા અપીલ છે. દરેક સભ્યે પોતાના સરનામા અને અન્ય કોઈ ફેરફારોની મુંબઈ કાર્યાલયે નોંધ કરાવવા જણાંવાયું છે. સંપર્ક સેતુ : શ્રી પદમકુમાર નાગડા (હુબલી)-9448090307), શ્રી કિશોર કાયાણી-9920411795, દીપક ડાઘા-9987071899 અને કાંતિલાલ વિકમશી-9833068881

### પૂ.સા. લક્ષ્યયશાશ્રી અને લબ્ધિયશાશ્રીજીનો ચાતુર્માસ પ્રવેશ

પૂ.આ. રાજયશસુરીજીના આજ્ઞાનુવર્તીની સા.શ્રી લક્ષ્યયશાશ્રીજી અને લબ્ધિયશાશ્રીજી આ.ઠા.૨નું ચાતુર્માસ પ્રવેશ હગરી બોમ્મન (કર્ણાટક)માં સકલ સંઘના ભવ્ય સામૈયા સાથે ૧-૭-૧૨ના થયું. દાતાશ્રીઓએ સંઘને ૨૧ વર્ષના સમય બાદ મળેલ ધર્મલાભને ઉમંગે વધાવી વિવિધ લાભ લીધા. પૂજ્યશ્રીને કાંબળી અને ગુરૂપૂજનના ચડાવા થયા. ચાતુર્માસ આરાધના ઐતિહાસિક બનાવવા સંઘે તડામાર તૈયારીઓ કરી છે.

### કોચીન જૈન સંઘની ચુંટણી

શ્રી કોચીન શ્વે. મુર્તિપુજક જૈન સંઘની વર્ષ ૨૦૧૨-૧૭ની કાર્યવાહક સમિતિની ચુંટણીમાં જ્ઞાતિના સર્વશ્રી કિશોર શામજી કુરવા, દિલીપ દેવશી ખોના અને ભરત નવીનચંદ્ર ખોનાની બીનહરીફ વરણી થઈ. શ્રી દિલીપ દેવશી ખોના માનદમંત્રી પદે નિયુક્ત કરાયા. નવા ચુંટાયેલ સભ્યોને હાર્દિક અભિનંદન.

### શ્રી પ્રબોધ મુનવરને "કચ્છ ઉમંગ" એવોર્ડ

વિવિધ સેવાકીય પ્રવૃતિઓ ક્ષેત્રે યોગદાન આપનાર શ્રી પ્રબોધ એચ. મુનવરને "કચ્છ ઉમંગ એવોર્ડ" અર્પણ કરવામાં આવેલ છે.

ભુજ ક.વિ.ઓ. જૈન મહાજનના અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડા, ભુજ વિકાસ સતા મંડળના ચેરમેન




શ્રી કીરીટભાઈ સોમપુરા, શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર-લુણીનાં પ્રમુખ શ્રી વશનજી પ્રેમજી સોની, ઘાટકોપરનાં અગ્રણી શ્રીચંપકભાઈ છેડાનાં વરદ હસ્તે કચ્છ ગૌરવ અભિવાદન કાર્યક્રમમાં પ્રબોધભાઈનો "કચ્છ ઉમંગ એવોર્ડ" એનાયત થયેલ. કચ્છભરમાં થતી તેમની વિવિધ સેવાકીય પ્રવૃતિઓને બિરદાવવામાં આવેલ.

### બાયપાસ અને ઘુંટણ રીપલેસમેન્ટ રાહત દરે

શ્રી નમિનાથજી જૈન ફાઉન્ડેશન (મલાડ) દ્વારા બાયપાસ અને ઘુંટણ રીપલેસમેન્ટ જેવા અતિ ખર્ચાળ ઓપરેશનોમાં જરૂરિયાતમંદ સાધર્મિકોને ₹૫૦,૦૦૦/-માં બાયપાસ અને ₹૧ લાખમાં ઘુંટણ રીપલેસમેન્ટ કરાવી આપવામાં આવે છે, જેમાં ૫૦% જરૂરતમંદે ભરવાના રહે છે. બાકીની રકમ દાતાઓ મારફતે ભરપાઈ થાય છે. જરૂરતમંદે માનવજ્યોતના શ્રી કે.સી. લુઠીયા-9820039469 નો સંપર્ક કરવા જણાવાયું છે.

### અનંતનાથ જિનાલયે ચાતુર્માસ આરાધના

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના ઉપક્રમે શ્રી અનંતનાથ જિનાલયે સૂરિત્રયની કૃપા-આજ્ઞા આશિષે સાધ્વીમુખ્યા પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા અને પૂ.સા.શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા સા. સંયમગુણાશ્રીજી આ.ઠા. ૩ની નિશ્રામાં સુંદર ચાતુર્માસિક આરાધના થઈ રહી છે.

તા.૫-૭થી સૂત્રાધિકારે ઉપદેશ પ્રાસાદ અને ભાવનાધિકારે મત્સ્યોદર ચરિત્ર શરૂ થયા છે જિનવાણીના રસિકો શ્રવણનો લાભ લઈ રહ્યા છે. તા.૫-૭ થી ૨૪ જિન દિક્ષા કલ્યાણક તપના એકાસણાં સંઘના રસોડે કરાવવામાં આવે છે. દર રવિવારના જાહેર પ્રવચન સહ અનુષ્ઠાન કરાવવામાં આવે છે. તા.૮-૭ના જીવનવૈભવ જાહેર પ્રવચન હતું અને તા.૧૫-૭ના ૪૫ આગમ પૂજન રાખવામાં આવેલ. દર શનિવારે બપોરના ૨.૩૦ થી ૪ શ્રાવિકા શણગાર શીબીર હોય છે. દર રવિવારે બપોરના ૨.૩૦ થી ૪.૩૦ બાલસંસ્કાર શિબીર હોય છે. દર શનિવારે સવારે ૭ થી ૮ માં શ્રાવકોની શિબીર હોય છે. શાસનસમ્રાટ ગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની જન્મ શતાબ્દિનિમિતે જ્ઞાનાંજલી, દર્શનાંજલી, ચારીત્રાંજલી, તપાંજલીરૂપે નિયમાવલી શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-મસ્જિદબંદર તરફથી અર્પણ કરવામાં આવી. તા.૨૨-૭ના "જૈનોની કુળદેવી જીવદયા." જાહેર પ્રવચન છે. સકળ સંઘને પધારવા આમંત્રણ છે.

### અનંતનાથ જિનાલયે બાલ સંસ્કરણ શિબિર

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના ઉપક્રમે અનંતનાથ જિનાલયે પૂ.સા. સંયમગુણાશ્રીજી મ.સા.આ.ઠા.૩ની નિશ્રામાં તા.૮-૭-૧૨નાં બપોરે ૨.૩૦ થી ૪.૩૦ દરમ્યાન બાલ સંસ્કાર શિબીર યોજાઈ. શિબીરમાં ૭૨ બાળકોએ લાભ લીધો. આવી પાંચ શિબિરનો લાભ માતુશ્રી પુષ્પાબેન ઝવેરચંદ સાયલા પરિવાર (મંજલ રેલડીયા) એ લીધેલ છે. બાળકોને બેગ, લોંગ બુક, કંપાસ વિગેરે પ્રભાવના અપાઈ. ચોવિહારની વ્યવસ્થા પણ દાતાશ્રી પરિવાર તરફથી હતી. બાળકોને આનંદ સાથે ઘણું જાણવા મળેલ. બાળકોને ૧૦૦ દિવસ માટે નિયમોના કાર્ડ અપાયા અને હોંશે હોંશે બધા નિયમો પાળવા બાળકો તૈયાર થયા છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ

મહાજન શ્રીની સામાન્ય સભા તા.૨૩-૬-૧૨ના સાંજે ૬ વાગે જૈનમ હોલ ભાંડુપમાં શ્રી ચાંપશી માણેકજી લોડાયાના પ્રમુખસ્થાને મળેલ. સારી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા.

વર્તમાન ટ્રસ્ટબોર્ડની કાર્યકાલ મુદત પુરી થતી હોઈ નવા ટ્રસ્ટબોર્ડની નિમણુક કરવામાં આવી. વડીલ શ્રી મુરજી રાઘવજી લોડાયાની વર્ષોની સેવા બદલ એમને આજીવન પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવેલ અને કાર્યવાહક પ્રમુખ તરીકે શ્રી શામજી નરશી દંડની નિમણુંક થઈ. અન્ય ચાર ટ્રસ્ટીઓ સર્વશ્રી વિરચંદ મેઘજી ખોના, પ્રવિણ કુંવરજી મોતા, વિપુલ ઠાકરશી લોડાયા અને રસીક દેવરાજ લોડાયાની નિમણુંક કરવામાં આવેલ. સભાસદોએ ચાર વર્તમાન ટ્રસ્ટીઓના બદલે પાંચ ટ્રસ્ટીઓની નિમણુંક કરી તેમને વધાવી લીધેલ. સાંજના ચૌવિહારનો લાભ શ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર તરફથી લેવાયેલ.

### કાવ્ય-પ્રકાશ : મા

મા તું દે ને જવાબ ક્યારે મળશે તારા દર્શન
સુના અમારા નયન મા તારા દિદારને કાજે
મોકલી અમને સુંદર પતિગૃહે, પામી આનંદ
પણ તુ કેમ ન રોકાણી વધુ અમારી સુખ, આબાદી જોવા?
ચૂપ જ કેમ રહી? ન કદી કીધી ફરિયાદ!
જે મળ્યું તે ખૂબ છે, એવું સમજી તું ચૂપ કેમ રહી?
શું અમે તમારી ઈચ્છાઓ પૂરી ન  કરત?
કે સમજી ગઈ'તી તું અમારી મર્યાદા?
મા જરૂર દુઃખે છે અમને કરી ન તારી સેવા
ખબર નથી ક્યારે ફેડીશું તારૂં ઋણ?
ભવભવના ભટકતાં આ મેળામાં.
મા Mother માંથી M કાઢી નાખતા
બાકી બધા છે "Other"
ખરૂં છે ને, મા દે ને જવાબ!

- ***વનિતા હરીશ નાગડા*** (વડાલા)

### હાર્દિક અભિનંદન !



**ચિ. રીયા દીપેશ મોતા** (કુવાપધર-ડોંબિવલી)
ધો.૩જામાં ૯૫% સાથે ઉત્તિર્ણ. ક્લાસમાં પ્રથમ ક્રમાંકે આવવા બદલ અભિનંદન.

**-: શુભાશિષ :-**

દાદા-દાદી : **સુશિલા પદમ મોતા** (કુવાપધર-ડોંબિવલી)
નાના-નાની : **ઈલા વિનોદ ખોના** (સુથરી-ભાંડુપ)
મમ્મી-પપ્પા : **કાજલ-દીપેશ મોતા**

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**અશોક ભાણજી ડાઘા** ૨૦૧ સાંઈધામ, પ્લોટ ૩૫, સેક્ટર-૨૬ કોપરી-વાશી, નવી મુંબઈ ૪૦૦૭૦૩ ફોનઃ ૯૮૬૯૪૭૨૮૯૧

**તેજસ જ્ઞાનચંદ લોડાયા (તેરા)** ૯૦૪, બાલાજી ગાર્ડન નં.૫, કોપર સ્ટેશન સામે, ડોંબિવલી (ઈ) ૪૨૧૨૦૧

**ડાયમંડ દામજી મૈશેરી** બી-૯૦૩, છેડા હાઈટસ્, ૪૧ LBS માર્ગ, ભાંડુપ (વે) ૪૦૦૦૭૮ ફોનઃ 9869489801, 9323770303

**મૃદુલ આણંદજી મૈશેરી** A/14/3,મહામાયા સો.,તાંબેનગર, એસ.એન. રોડ, મુલુન્ડ(વે), મુંબઈ ૮૦.ફોન.09821629611/9594837483/25687331

**મંગલ જેઠાલાલ લાલકા (વારાપધર)** મંજલ રેલડીયા (કચ્છ) ૩૭૦૪૯૦. ફોનઃ ૦૯૭૨૭૩૨૬૯૪૭

**જેઠાલાલ ઠાકરશી મોતા** જય માતાજી મકાન-૪,હનુમાન શેરી, જૈન કોલોની, નયા અંજાર (કચ્છ)-370210.ફોન:9376165709/8469703377

**નીતિન જે. લોડાયા** પીર ફલીયા, નલીયા (કચ્છ) ૩૭૦૬૫૫

**કલ્પના શાંતિલાલ લોડાયા** ચૌધરીનું મકાન, ગાયત્રીનગર, મુક્તિપુરી, બારોઈ (કચ્છ) ૩૭૦૪૨૧

**નવલબેન યુ. દંડ** હસુભાઈનું મકાન, રેઈનબો બંગલા, નુતન નગર-૩, મહુવા ૩૬૪૨૯૦

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| પ્રિતી અશોક ડાઘા-નવી મુંબઈ | ૯૯૬૯૪૧૭૬૯૬ | હીત અશોક ડાઘા-નવી મુંબઈ | ૯૧૭૨૪૧૦૩૪૫ |
| જયાબેન જેઠાલાલ મોતા-અંજાર | ૯૩૨૮૯૨૩૮૪૮ | પિયુષ જેઠાલાલ મોતા-અંજાર | ૯૯૧૩૪૧૭૨૪૭ |
| જાગૃતિ પિયુષ મોતા-અંજાર | ૯૪૦૮૨૪૪૨૬૬ | વિપુલ શરદચંદ્ર મોમાયા-મુલન્ડ | ૯૬૬૪૪૬૭૭૮૧ |
| હર્ષા વિપુલ મોમાયા-મુલુન્ડ | ૯૭૦૨૪૨૭૦૯૭ | સુશીલ રાયચંદ -મુલુન્ડ | ૮૮૭૯૨૦૮૭૯૧ |
| નવલબેન યુ. દંડ-મહુવા | ૭૬૦૦૭૬૮૦૯૦ | અજય દંડ-મહુવા | ૯૬૮૭૬૩૪૩૪૨/૯૪૨૬૭૧૨૬૮૮ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮-૭-૧૨ | પુના | BHNG010404 | સાનવી-તેજસ દિનેશ નાગડા | ભરૂડીયા | કન્યા |
| ૧-૭-૧૨ | આદિપુર | RPMT1403 | નાયશા-અમીત કાંતિલાલ મોતા | રાપરગઢ | કન્યા |
| ૧૬-૬-૧૨ | મુલુન્ડ | SIMO021403 | અંશ-વિપુલ શરદચંદ્ર મોમાયા | સાંયરા | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫-૭-૧૨ | ઘાટકોપર | NLNG130303 | સ્મિત પરેશ ભવાનજી નાગડા | નલિયા | ૩૦ |
| | ડોંબિવલી | KRLI010504 | અનીતા મહેશ લખમશી લાપસીયા | કોઠારા | ૨૪ |
| ૧૫-૭-૧૨ | સાંગલી | KRKN080804 | કૌશલ ઉત્તમ કલ્યાણજી ખોના | કોઠારા | ૩૫ |
| | નાંદેડ | KBLO0801203 | ભાવિકા કિર્તી વિશનજી લોડાયા | મોટીખાવડી | ૨૮ |
| ૧૫-૭-૧૨ | ડોંબિવલી | SADH060303 | હર્ષ રાજેશ ધનજી ઘરમશી | સાંઘાણ | ૨૮ |
| | ધુલીયા | BAMA040204 | શીતલ હીરાચંદ રાયચંદ મૈશેરી | બાંઢીયા | ૨૭ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૭-૧૨ | ડોંબિવલી | JKSL060503 | રાહુલ કાંતિલાલ રતનશી શિયાડ | જખૌ | ૩૧ |
| | અમદાવાદ | A | જયશ્રી અરવિંદકુમાર જમનાદાસ ભાવસર | મોડાસા | ૩૧ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪-૪-૧૨ | ભુજ | KRMU011103 | ચિતેશ (સોહમ) કુલીનકાંત મુનવર | કોઠારા | ૨૪ |
| | વડોદરા | LLLA040303 | રેશા ચેતના લીલમકુમાર લાલકા | લાલા | ૨૨ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯-૭-૧૨ | નાંદેડ | SPCD050801 | તિલકચંદ મુલચંદ હીરજી છેડા | સુજાપુર | ૬૨ |
| ૧૨-૭-૧૨ | ગદગ | TRNG011404 | કોમલ કિર્તીકુમાર શીવજી નાગડા | તેરા | ૧૯ |
| ૧૩-૭-૧૨ | મુંબઈ | BYPL110602 | ધનલક્ષ્મી લક્ષ્મીચંદ નારાણજી પોલડીયા | બાયઠ | ૬૨ |
| ૧૮-૭-૧૨ | ગલુબર્ગા | KRDH150702 | દમયંતીબેન ચત્રભોજ કુંવરજી ઘરમશી | કોઠારા | ૫૭ |

## હાર્દિક અભિનંદન



### કુ. ચાર્મિ પરેશ દંડ

(સુથરી-મુલુન્ડ)

Passed M.Sc. (Life Sciences)
Specialisation in Neurobiology
with distinction (70.4%)

: શુભ આશિષ :

દાદાશ્રી: માતુશ્રી સ્વ. ચંદનબેન માણેકજી દંડ (સુથરી)
નાનાશ્રી: માતુશ્રી સ્વ. કસ્તુરબેન નવિનચંદ્ર લોડાયા (વારાપધર)
માતા-પિતા: સૌ. સ્વાતિ-પરેશ
બહેન: ગ્રિષ્મા
એવમ્ સમસ્ત દંડ અને લોડાયા પરિવાર

## લોડાયા પરિવારનું ગૌરવ



### ચિ. રોમીલ કિરણ લોડાયા

(બાંઢિયા-નાસિક)

ચિ. રોમીલ Diploma in Computer Engineering માં 80.13% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ છે. એ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ....

: શુભાશિષ :

દાદી-દાદા:
માતુશ્રી નવલબાઈ જીવરાજ લોડાયા (બાંઢિયા)
માતા-પિતા:
વિલમ કિરણ લોડાયા (બાંઢિયા-નાસિક)
નાની-નાના:
હીરબાઈ સોમચંદ ખોના (સુથરી-મુલુન્ડ)

## હાર્દિક અભિનંદન

હલવુંગી (ગોરેગામ)



ચિ. જય સંજય મણીલાલ ડાગા
SSC (ICSE) - 71%



ચિ. સિધ્ધાર્થ નીકુંજ મણીલાલ ડાગા
SSC - 90.78%

બન્ને જણાં જીવનમાં દરેક ક્ષેત્રે સફળતાના શિખરો સર કરતા રહે તેવી શુભેચ્છા.

: શુભાશિષ :

દાદી-દાદા:
માતુશ્રી વિજયાબેન મણીલાલ ડાગા

માતા-પિતા:
ચેતના સંજય ડાગા

નાનાશ્રી:
માતુશ્રી મોંઘીબેન મોતીલાલ ગડા (ગોરેગામ)

માતા-પિતા:
દીપા નીકુંજ ડાગા

નાનાશ્રી:
માતુશ્રી નેમલતા સોમચંદ લોડાયા (ભાવનગર)

કાકી-કાકા:
ચાંદની મનોજ ડાગા

ફોઈ-ફુઆ:
પારુલ પંકજ દંડ (ઉદયપુર)

ભાઈ-બહેનો:
ઉર્જા, ઝલક, રોનક, ભાવેશ, નિધિ

## શ્રી નાની ખાવડી (હાલાર)નું ગૌરવ



### શ્રી શરદ કાનજી લોડાયા

(નાની ખાવડી - કોઈમ્બતુર)

અમારા નાની ખાવડી (હાલાર) ના ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી શરદ કાનજી લોડાયા (કોઈમ્બતુર) તે કોઈમ્બતુર કોટન એસોસિએશનના પ્રમુખ તરીકે ૩ વર્ષ માટે ચુંટાઈ આવેલ છે. એ સિધ્ધી બદલ શ્રી નાની ખાવડી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન તથા ગામવાસીઓના હાર્દિક અભિનંદન અને તેમને ઉત્તરોત્તર પ્રગતિની શુભેચ્છાઓ.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નાની ખાવડી

**C.D.O. Prakash Samiksha R.N.I. No. MAHGUJ/1998/04640**
**Regd. No. MH/MR/East/53/2012-14**
**Posting: Monday/Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.**

# છઠ્ઠી પુણ્યતિથિ



જન્મ
તા. ૨૭-૦૮-૧૯૯૬

અરિહંતશરણ
તા. ૨-૮-૨૦૦૬

## સ્વ. જીગર મુકેશ મોમાયા

તારી વિદાયને આજે છ વરસ વીતી ગયા,
થતો નથી અમારા હૃદયને વિશ્વાસ કે તું નથી આજ અમારી પાસે.
હર દિન હર પળ એજ રહેતી ભાવના, તારા પ્રેમાળ સ્વભાવની યાદ આખા ઘરના ખુણામાં,

*તું શ્વાસને ઉચ્છવાસમાં, તું યાદને ફરિયાદમાં*
*હજીયે વર્તાય તારી હાજરી પળે પળે,*
*તારી યાદ હજીયે છે શ્વાસે શ્વાસે*
*આજેય આંખો છલકે છે તારી યાદમાં*

પ્રભુ તારો આત્મા જ્યાં હોય ત્યાં સદાય પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

**શોકાતુર :**

દાદી : સ્વ. હીરબાઈ જીવરાજ મોમાયા પરિવાર
ભાભીમા : ગં.સ્વ. ખમ્માબેન ફતેહચંદ જીવરાજ મોમાયા
માતા : ગં.સ્વ. નિર્મળાબેન મુકેશ મોમાયા
ભાઈ-ભાભી : અ.સૌ. દીપાલી લલિત મોમાયા
બહેન-બનેવી : અ.સૌ. મનિષા શૈલેષ લોડાયા
અ.સૌ. સ્વાતિ ભાવેશ લોડાયા
ફઈ-ફુઆ : અ.સૌ. દીપા પ્રવિણ ગાલા
ભાઈ : કુમાર, રવિ, મુકેશ મોમાયા
નાનાણી : માતુશ્રી બાચાંબાઈ શામજી મોતા પરિવાર

To,

*If undelivered, please return to :*
C.D.O. Prakash Samiksha, C/o. Shri R. R. Nagda, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai-400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No. G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai-400 093. and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**